## સ્થિતપ્રજ્ઞ-પ્રજ્ઞાવાનની સાચી ઓળખ

**ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, કે-**

**इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते।**
**तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि॥ २/६७॥**

**શ્રીમદ્ ભગવદ્ ગીતા**

અર્થાત્ ''જે રીતે પાણીમાં ચાલતી નાવને હવા ખેંચે છે એવી જ રીતે વિષયો(ભોગ)માં વિચરતી ઈન્દ્રિયોમાંથી મન જે ઈન્દ્રિય સાથે રહે છે તે **એક જ ઈન્દ્રિય** અયોગ્ય પુરુષની બુધ્ધિને હરી લે છે.''

આ શ્લોક ખૂબ જ ગૂઢાર્થ વાળો તો છે,જ સાથે સાથે એ ઉપનિષદ શૈલીમાં વર્ણન કરવામાં આવેલ એક કાવ્યની પરાકાષ્ઠાનો દ્યોતક પણ છે.

ભગવાન કહે છે કે પાણીમાં ચાલતી નાવને હવાની એક થાપટ વાગતાં જ ન જાણે ક્યાંથી ક્યાં પહોંચી જાય છે. સઢયુક્ત આ નાવનો સઢ એટલા માટે ઉંચો ઉઠાવવામાં આવે છે, કે પાછળથી આવતી હવાની મદદ વડે એને કોઈપણ પ્રકારની મહેનત વગર માત્ર ગતિશીલ જ નહીં, પરંતુ પોતાના નિર્ધારિત લક્ષ્ય સુધી પહોંચાડી શકાય. ભગવાને નાવની ઉપમા એવા મનને આપી છે, જે કોઈપણ ઈન્દ્રિયથી પ્રભાવિત થઈ, એનાથી વશ થઈ, સ્વચ્છંદ વર્તન કરવા લાગે છે અને પ્રવાહમાં વહી જાય છે. યોગભ્રષ્ટ પુરુષની બુધ્ધિને દુર્બુધ્ધિમાં રૂપાંતર કરવા એક જ ઈન્દ્રિય સક્ષમ છે- આસક્તિથી જન્મેલ વાસનાનો વેગ ખૂબ પ્રબળ છે. મનુષ્યને પતનની દિશામાં લઈ જવા માટે એક જ ઈન્દ્રિય પર્યાપ્ત છે. જેમ કે વાણી પર્યાપ્ત છે; જીભ પર્યાપ્ત છે; કર્ણેન્દ્રિયો દ્વારા પ્રવેશ કરનારી વાસનાઓ પર્યાપ્ત છે. ચંચળ, સ્વચ્છંદ ઈન્દ્રિયોમાં એટલો તો સશક્ત-પ્રબળ આવેગ હોય છે,કે જે મનને પોતાની ઈચ્છાનુસાર ચાલવા વિવશ કરી દે છે. ઈન્દ્રિયો સાથે મન મળવાથી એમનો પક્ષ એટલો તો પ્રબળ થઈ જાય છે,કે બુધ્ધિ પોતાનું કામ કરી જ શકતી નથી. બુધ્ધિ દુર્બુધ્ધિ બની અનર્થકારક બની જાય છે. એનાથી તદ્દન વિપરીત, બુધ્ધિની અનુકૂળ મન અને મનની અનુકૂળ ઈન્દ્રિયો બની જાય છે. ત્યારે જીવનનો સમગ્ર વ્યવહાર આત્માની અનુકૂળ બનતો જાય છે. '**સ્થિતપ્રજ્ઞ દર્શન**' નામના પુસ્તકમાં

સંત વિનોબાજી કહે છે, કે બુધ્ધિ નાવની જેમ તારનાર હોય છે, પરંતુ એ મનની પકડમાં આવી જાય, તો એ મારક બની જાય છે. સવારના હાથમાં લગામ અને લગામના વશમાં ઘોડો હોય, ત્યારે જ સવાર કોઈપણ અવરોધ વગર પોતાના મુકામ સુધી પહોંચી શકે. અગર એનાથી ઉલટું હોય-ઘોડાના વશમાં લગામ, લગામના વશમાં સવાર તો પછી પોતાના મુકામ સુધી પહોંચવાની કોઈએ આશા રાખવી જોઈએ નહીં, ઋષિઓએ કઠોપનિષદમાં પણ આજ વાત સમજાવી છે. અહીં યોગીરાજ શ્રીકૃષ્ણે મનને નાવની ઉપમા આપી એજ વાત સમજાવી છે. અગર બુધ્ધિરૂપી તારણહાર નૌકા હવાને વશ થઈ વહેલા લાગે, તો પછી એ પાર કરી શકતી નથી. આપણે પણ કહેતા હોયીએ છીએ, કે ''આજના જમાનાની હવા જ કંઈક એવી છે'' અથવા 'એને જમાનાની હવા લાગી ગઈ, એટલા માટે કર્મ આવા કરી રહ્યો છે.' આ બધાની પાછળ એ પ્રબળ આવેગની સંભાવના દર્શાવવામાં આવી છે. અગર જો બુધ્ધ મનની પકડમાં આવી જાય તો પછી એની તારનારી શક્તિ નાશ પામી જાય છે અને એ વ્યક્તિને ડુબાડી દે છે.

આ શ્લોક અનેક દૃષ્ટિએ મહત્વનો છે. સંત જ્ઞાનેશ્વર કહે છે, આ શ્લોક ભયજનક સ્થિતિનું સૂચન કરે છે. બતાવવામાં આવ્યું છે, કે ભલેને મનુષ્ય એ સ્થિતપ્રજ્ઞ બની ગયો હોય, તો પણ એને ગાફેલ રહેવું જોઈએ નહીં. અથવા બેદરકાર કે અસાવધ રહેવું જોઈએ નહીં. તેઓ લખે છે-

**प्राप्ते हि पुरुषें इंद्रियें लालिलीं जरीं कवतिकें।**
**तरी आक्रमिला जाण दुखें । सांसारिकें ॥**

મરાઠી ભાષામાં વર્ણન કરવામાં આવેલા આ કથનનો ભાવાર્થ એ થાય છે કે ''પહોંચેલો પુરૂષ અર્થાત્ બુધ્ધિશાળી પુરુષ, સિધ્ધ પુરુષ અગર જો એ કૌતુહલવશ ઈન્દ્રિયોને લાડ કરાવે તો એની ઉપર માયારૂપી દુઃખોનું આક્રમણ થયું જ સમજો.'' અહીં કૌતુહલનો અર્થ થાય છે, સહજ ભાવ, અસાવધ, ગાફેલ બની રહેવું. શ્રી જ્ઞાનદેવે ગીતાના સડસઠમાં શ્લોકમાં ઉપરોક્ત સચ્ચાઈ નક્કર વિવેચન સાથે આલેખેલી છે. એનો ભાવાર્થ એટલો જ છે, કે મનુષ્યે કોઈપણ સ્થિતિમાં પોતાના મનને ખુલ્લું ન છોડવું જોઈએ. સમર્થ રામદાસે એજ વાતને આ પ્રમાણે

કહી છે-**''मना गूजरे तूज है प्राप्त झाले-तरी अंतरीं पाहिजे यत्न केले।''** અર્થાત્ અરે મન, તને જે મળવાનું હતું તે તને મળી ગયું, તૂં પોતાના પડાવ પર પહોંચી જ ગયું છે. છતાં પણ તૂં અસાવધ ન રહે. રહસ્ય જાણી લેવાથી તૂં પોતાના હાથ ખેંચી રાખ, ઢીલા ન છોડ (સ્થિતપ્રજ્ઞ દર્શન-શ્રી વિનોબાજી) ગીતાકારનું આ કેટલું સાદી સીધી સરળ ભાષામાં સશક્ત સમર્થન છે.

ગીતાકારે જ્ઞાની પુરુષને એટલા માટે ખાસ સાવધાન કર્યો છે, કે જરા જેટલી આળસ થઈ, ગાફેલ રહ્યો અસાવધ બન્યો, એ વિચલિત થયો. અર્થાત્ સંયમના આધારે સ્થિતપ્રજ્ઞ બનેલી વ્યક્તિ અગર જો સ્વચ્છંદ આચરણ કરી બેસે, અહંકાર, વાસના, તૃષ્ણાના કોઈપણ તીવ્ર વેગવાળા પ્રવાહમાં વહી ગયો તો પછી એનું કોઈ ઠેકાણું નહીં. ગીતાકારની એવી અપેક્ષા છે, કે સ્થિતપ્રજ્ઞ વ્યક્તિના આચરણના કણેકણમાં નમ્ર વ્યવહાર અને સંયમ વસી જવા જોઈએ. એટલા માટે ભગવાન શ્રીકૃષ્ણે આ વાતને સાબિત કરવા અગામી શ્લોકમાં કહે છે-

**तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः।**
**इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता॥ २/६८॥**

એ એટલા માટે કે અર્થાત્ હે મહાબાહુ! જે પુરુષની ઇંદ્રિયો ઇંદ્રિયોના વિષયોમાંથી (ભોગમાંથી) તમામ પ્રકારે સંયમી બની છે, એની બુધ્ધિ સ્થિર છે. આવા જ સિધ્ધ પુરુષની બુધ્ધિ સ્થિર બને છે.

અર્જુનના ગુરુનો આ ખૂબ જ સ્પષ્ટ નિર્દેશ છે, કે સંયમમાં ઢીલ ન ચાલી શકે. 'તસ્માત' શબ્દનો અર્થ થાય છે-'એટલા માટે', અર્થાત્ જે વાત આજ સુધી સ્થિતપ્રજ્ઞ માટે, યોગી માટે, વિષયોમાં આસક્તિથી નિવૃત્તિના સંબંધોમાં બતાવી છે, એનું આપણે ફરી પુનરાવર્તન કરીએ છીએ. તર્કશાસ્ત્રની નિગમન પધ્ધતિની અંતર્ગત આ વાત અહીં ફરીથી કહેવામાં આવી રહી છે, કે બુધ્ધિ ત્યારે સ્થિર બનશે, જ્યારે સંયમ સિધ્ધ બનશે. આ નિષ્કર્ષ ભૂમિતિના પ્રમેયની જેમ 'ઈતિ સિધ્ધમ્' જેવો છે. જે વાત ઉપર ૫૮માં શ્લોકમાં કાચબાની ઉપમા આપી ''**यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः**''રૂપે કહેવામાં આવી છે, એને જ જેમની તેમ શ્રીકૃષ્ણે ફરી ઉચ્ચારી છે. ગીતાની આ જ વિશેષતા છે.

જ્યારે સમાજ સેવકની વાત આવે છે ત્યારે એમાં ચારિત્રનિષ્ઠાને

જ સર્વોપરિ માનવામાં આવે છે. પરમ પૂજ્ય ગુરુદેવ ૧૯૮૮ના ડિસેમ્બર માસની અખંડ જ્યોતિના અંકમાં લખે છે, કે જે યુગમાં સમાજ સેવકોની ઉણપ પડે છે, એ દિવસોમાં વિકાસનું ધોરણ કથળી જાય છે. લોકોનું ભાવનાત્મક શુધ્ધિકરણ તથા દૃષ્ટિકોણનું ઉદારીકરણ હંમેશા જરૂરી છે. આ કામ વિલાસી, ભોગી, સ્વાર્થી અને નિમ્ન કોટિના લોકો કરી શકતા નથી; પછી ભલેને તેઓ કામ કરવાના કૌશલ્યમાં પારંગત કેમ ન હોય અથવા તેઓ ઉચ્ચ હોદ્દેદાર કેમ ન હોય. માત્ર સેવાની ભાવના જ ઉચ્ચકોટિની ન હોવી જોઈએ, પરંતુ ચારિત્ર પ્રત્યે નિષ્ઠા તથા આદર્શવાદ પણ એવો હોવો જોઈએ, કે જેને દરેક કસોટીના સમયે સાચો સાબિત કરી શકાય.

અહીં ગીતાકાર દ્વારા અર્જુનને એક આદર્શ પાત્ર માની એને સાચો સ્થિતપ્રજ્ઞ સમાજ સેવક કેવી રીતે બની શકાય, એના સંદર્ભમાં શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. એજ ક્રમમાં ભગવાન આગળ કહે છે, કે સ્થિતપ્રજ્ઞ વ્યક્તિની દિનચર્યા જીવન ચર્યા સામાન્ય વ્યક્તિથી કે બીજાઓથી ભિન્ન કેમ હોય છે? તેઓ કહે છે, કે ''તમામ પ્રાણીઓ માટે જે રાત્રિ છે, એ સમયે નિત્ય જ્ઞાનસ્વરૂપ પરમાનંદની પ્રાપ્તિ માટે સંયમી વ્યક્તિ સ્થિતપ્રજ્ઞ યોગી જાગે છે. તમામ પ્રાણીઓ જ્યારે જે નાશવંત સાંસારિક સુખની પ્રાપ્તિ માટે જાગતા હોય છે, એનો દૃષ્ટિકોણ કેવો હોય છે? ત્યારે પરમાત્માને જાણનાર મુનિ માટે એ રાત્રિ સમાન છે.''

**या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी।**
**यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः॥ २/६९॥**

ખરેખર ઈન્દ્રિય સંતોષ માટે ઉત્તેજના મય તથા વિશ્રાંતિ જનક જીવન જીવનારા સામાન્ય લોકો એક આત્મ સંયમી વ્યક્તિના સંપૂર્ણ સુખ તથા આનંદની કલ્પના પણ કરી શકતા નથી. '**मुनेः**' શબ્દ મુનિ માટે છે, અર્થાત્ ચિંતનશીલ વ્યક્તિ માટે પ્રયુક્ત થયો છે. કારણ કે એ કામ ઉત્તેજના યુક્ત કોલાહોલથી ઠસાઠસ ભરેલા આ સંસારથી ઉપર ઉઠી ગયો હોય છે. અહીં ગીતાકારે સ્પષ્ટ કહ્યું છે, કે યોગી પોતાના જીવન ક્રમને સંપૂર્ણ ઉલટાવી દે છે. એ સાંસારિક લોકોથી ઉપર ઉઠી ચાલે છે. એ અંતરંગથી બહિરંગ તરફ ચાલે છે. યોગીની સૌથી સાચી ઉપમા દર્શાવતો આ જ શ્લોક છે, જે ગીતામાં સ્થિતપ્રજ્ઞની વ્યાખ્યા રજુ કરતાં બિલકુલ

સાચી જગ્યાએ પ્રગટ કરવામાં આવ્યો છે. શ્રીરામ કૃષ્ણ પરમહંસ કહેતા હતા કે રાત્રિના સમયે ત્રણ પ્રકારની વ્યક્તિઓ જાગે છે, એ છે ભોગી, રોગી અને યોગી. ભોગી તથા રોગીને તો સૌ જાણે છે, કારણ કે રાત્રિના સમયે એ જાગે છે. આપણે તો યોગીની ઓળખ મેળવવી જોઈએ. જે 'સ્થિતપ્રજ્ઞની સ્થિતિમાં રહે છે, સૂતો રહેતો હોવા છતાં જાગે છે, જાગૃત રહે છે, જે મૃત્યુનું ધ્યાન કરી સૂઈ જાય છે, એ હંમેશા પરમાત્મામાં લીન રહે છે, એ યોગી છે. પરમ પૂજ્ય ગુરુદેવ અવારનવાર કહેતા રહેતા હતા કે દરેક સમાજ સેવકે, લોકસેવકે થોડી ક્ષણ માટે મૃત્યુનું, પ્રલયની સ્થિતિનું, કે જ્યારે સમગ્ર જગત સૂઈ જાય છે, એ સમયે ધ્યાન આવશ્યક કરવું જોઈએ. સામાન્ય રીતે આ ધ્યાન રાત્રિના પ્રથમ પ્રહરમાં કરવામાં આવે છે. પરંતુ એ ધ્યાન જલ્દીથી સૂઈ જનારી તથા ઉઠી જનારી વ્યક્તિ બ્રહ્મમુહૂર્તમાં કરી શકે. એનાથી સ્થિત પ્રજ્ઞની સ્થિતિ ખૂબ જ શીઘ્રતાથી સિધ્ધ કરી શકાય.'

અગર આપણે ઉપરોક્ત શ્લોકને સૂક્ષ્મ અર્થમાં સમજી લઈશું, તો જ આપણે સ્થિતપ્રજ્ઞના સંબંધમાં ન્યાય કરી શકીશું. સ્થિતપ્રજ્ઞ વ્યક્તિની જીવન દૃષ્ટિમાં તથા અજ્ઞાની, ભોગી, વિલાસી વ્યક્તિઓની જીવન દૃષ્ટિમાં ખૂબજ અંતર હોય છે. શ્રી વિનોબાજી કહેતાં હતાં કે કે બે સમાંતર રેખાઓ જેમ ક્યાંય પણ સ્પર્શ કરતી નથી, તેમ એવી જ સ્થિતિ આ બન્નેની જીવન દૃષ્ટિમાં હોય છે. મીરાના કથન અનુસાર 'ઉલટ ભઈ મોરે નયનનકી' જેવી સ્થિતિ થઈ જાય છે. આ સંસારની જ દૃષ્ટિ ઉલટી છે, પરંતુ મોટા ભાગની વ્યક્તિઓ એને જ સાચી માને છે. અગર એ ક્રમને જ ઉલટાવી દેવામાં આવે, એ જ રીતે પૂજ્ય ગુરુદેવના શબ્દોમાં ઉલટાને ઉલટાવી સીધું કરી દેવામાં આવે, તો એ સાચા અર્થમાં જીવનના શીર્ષાસન રૂપે આધ્યાત્મ ચરિતાર્થ થઈ જાય છે. આ જ સ્થિતપ્રજ્ઞની સ્થિતિનું વર્ણન છે.

ઓગણો સીતેરમાં શ્લોકમાં જે વર્ણન આપવામાં આવ્યું છે, એ કોઈ શાબ્દિક અર્થમાં ન હોતા એ ખૂબ જ મહત્વ ધરાવતા સૂક્ષ્મથી સૂક્ષ્મ અર્થમાં છે. સામાન્ય વ્યક્તિ જ્યારે જમે છે, ત્યારે એ માત્ર પેટ ભરવા માટે જ જમે છે, જ્યારે સ્થિતપ્રજ્ઞ વ્યક્તિનો જમવાનો ક્રમ યજ્ઞ સમાન છે. આધશંકરાચાર્યના શબ્દોમાં ઔષધ રૂપે આહાર ગ્રહણ કરે છે. અહીં

ભોગવૃત્તિજ નથી. એ જ રીતે સામાન્ય વ્યક્તિ નિંદ્રા આવતા સૂઈ તો જાય છે, પરંતુ તેમની એક એક રાત્રિ જ્ઞાનના ક્ષયનું કારણ બની જાય છે, જ્યારે સ્થિતપ્રજ્ઞ વ્યક્તિની નિંદ્રા નિર્દોષ, આળસ રહિત તથા સ્વપ્ન રહિત હોય છે. એની ઉંઘમાં નવા નવા વિચારોને પોષણ મળે છે, નવી નવી કલ્પના જાગે છે, આ નિંદ્રા તમોગુણી નથી, પરંતુ એ સતોગુણી છે. સ્થિતપ્રજ્ઞ વ્યક્તિનો જીવન વ્યવહાર સ્વાભાવિક, સરળ અને ખૂલ્લો હોય છે, જ્યારે સામાન્ય વ્યક્તિનો જીવન વ્યવહાર શિષ્ટાચારના નામે દંભી, બનાવટી અને ઢોંગીથી ભરેલો હોય છે. આ શ્લોકનો સાચો ભાવાર્થ આ પ્રમાણે છે,કે ''**બીજા લોકો (સામાન્ય લોકો)ફળ પ્રત્યે જાગૃત રહે છે અને કર્તવ્ય પ્રત્યે ઉદાસ (સૂતા) રહે છે,પરંતુ સ્થિતપ્રજ્ઞ કેવળ ફળ પ્રત્યે ઉદાસ (સૂતા) અને કર્તવ્યના સંબંધમાં જાગૃત રહે છે.**'' ભોગ પ્રત્યે ઉદાસ વ્યક્તિ જ સંયમ પ્રત્યે જાગૃત રહી શકે. આ જ વાત અહીં યોગેશ્વરે રૂપકની (નાટકીય)ભાષામાં સમજાવી છે. અતિ અગત્યના દ્વિતીય અધ્યાયના સમાપનની સ્થિતિમાં અગામી શ્લોક પણ ખૂબ જ ગૂઢાર્થ ભર્યો છે.

સિત્તેરમાં શ્લોકમાં કહે છે, કે-

**आपूर्यमाणमचलप्रतिष्ठं-**
**समुद्रमापः प्रविशन्ति यद्वत्।**
**तद्वत्कामा यं प्रविशन्ति सर्वे**
**स शान्तिमाप्नोति न कामकामी॥ २/७०॥**

અર્થાત્ ''જેમ નદીઓનું પાણી ચારે તરફથી ભરાયેલા, અચળ, સ્થિર સમુદ્રના જળને અસ્થિર (વિચલિત) ન કરતાં એમાં જ સમાઈ જાય છે, એવી જ રીતે સ્થિતપ્રજ્ઞ વ્યક્તિમાં તમામ પ્રકારના ભોગો કોઈપણ પ્રકારનો વિકાર ઉત્પન્ન કર્યા વગર સમાઈ જાય છે. એ જ પુરુષને પરમ શાંતિ (મોક્ષની પ્રાપ્તિ) પ્રાપ્ત થાય છે, ન કે ભોગ ઈચ્છાનાર વ્યક્તિને.''

જેમ તમામ નદીઓ એક પછી એક સમુદ્રમાં સમાતી જાય છે, પરંતુ સમુદ્ર હંમેશા શાંત જ રહે છે. ઉદંડ, ઉગ્ર, તીવ્ર પ્રવાહ ધરાવતી નદીઓ આવી એક શાંત, સ્થિર સમુદ્રના જળમાં સમાઈ અંતિમ સ્થિતિ પ્રાપ્ત કરે છે. છતાં પણ સમુદ્ર તો અચળ છે, પૂર્ણ છે, સ્થિર છે. બરાબર એવી જ ઉપમા અહીં ભગવાને સ્થિતપ્રજ્ઞ વ્યક્તિ માટે આપી છે. ઈંદ્રિય

ભોગો કોઈ પ્રકારનો વિકાર ઉત્પન્ન કર્યા વગર, ઉદંડતા મચાવ્યા વગર જે મહાપુરુષમાં જઈને સમાઈ જાય છે, એમાં કોઈપણ પ્રકારની વિકૃતિ પેદા કરી શકતી નથી, એવો જ પુરુષ, પૂર્ણ પુરુષ બની આત્મશાંતિ પ્રાપ્ત કરે છે. શું આવા વ્યક્તિત્વનો વિકાસ કરી શકાય છે? હા, આપણે એ પરમ પૂજ્ય ગુરુદેવના જીવનમાં જોઈ શકીએ છીએ. પૂજ્ય ગુરુદેવ હંમેશા એક દૃષ્ટાંત આપતાં હતાં. જે અહીં બરોબર બંધ બેસતું આવે છે.

એક દિવસે અરુંધતીને દુર્વાસા ઋષિ માટે જમવાનું લઈને જવાનું હતું. તેઓ પોતાના પતિ ઋષિ વશિષ્ટ પાસે જઈ બોલ્યા કે નદી તો પ્રબળ વેગથી ઉછળી રહી છે, હું કેવી રીતે ત્યાં જાઉં? ત્યારે ઋષિએ કહ્યું કે ''આપ નદી પાસે જઈને કહો કે અગર જો વશિષ્ટ ઋષિ બ્રહ્મચારી છે, મને રસ્તો આપો.'' ત્યારે અરુંધતી દુવિધામાં પડી ગયા અને વિચારવા લાગ્યા કે મારે તો આટલા બધા બાળકો છે, તો પછી મારા પતિદેવ બ્રહ્મચારી કેવી રીતે હોયી શકે? છતાં પણ તેઓએ વિચાર્યુ કે આ ઋષિ વાણી છે, એ ક્યારે નિરર્થક ન નિવડે. તેઓ નદી પાસે ગયા અને બોલ્યા, તો નદીએ માર્ગ આપી દીધો. ત્યારબાદ દુર્વાસા ઋષિને જમાડી પાછા વળતી વખતે તેમને પૂછ્યું, હવે હું પાછી કેવી રીતે જાઉં? નદી તો હજી એજ વેગે વહી રહી છે. ત્યારે ઋષિ બોલ્યા કે જાવ અને નદીને જઈને કહો કે ''અગર જો દુર્વાસા ઋષિ નિરાહારી હોય, તો મને રસ્તો આપો.'' ત્યારે અરુંધતી ફરી વિચારવા લાગી કે ઋષિ તો હમણાં આટલું બધુ જમ્યા છે, તો પછી તેઓ નિરાહારી કેવી રીતે હોઈ શકે? છતાં તેઓ ચાલી નિકળ્યા અને નદી પાસે જઈને બોલ્યા, તો નદીએ માર્ગ આપી દીધો. પાછા વળ્યા ત્યારે વશિષ્ટ મુનિએ એમને સમજાવ્યા કે તમો આનો અર્થ સમજ્યા નહીં? મારી ઈંદ્રિયો ભોગમાં લિપ્ત નથી. અંતઃકરણ નિર્મળ છે, શરીરનું કામ કાજ ચાલતું રહે છે અને અંતરાત્મા પોતાનું શુધ્ધ રૂપ જાળવી રાખે છે. એટલા માટે મેં આપને વિષય (ભોગ)માં બ્રહ્મચર્યના પાલનની વાત કહી હતી. અગર જો દુર્વાસા ઋષિ ઈંદ્રિયોની તૃપ્તિ માટે આહાર લેતા હોત તો આહાર લેનાર વ્યક્તિ કહેવાતા. ઈશ્વરના ચિંતનમાં લીન ઋષિઓ તથા મહાપુરુષોને ઈંદ્રિયભોગ સતાવતા નથી. જ્યાં ઈંદ્રિયોને તૃપ્તિ મળે છે, ત્યાં મનુષ્યના અંતઃકરણ રૂપી સમુદ્રમાં આંદોલનો પેદા થાય છે. અગર આત્મારૂપી સમુદ્રમાં કોઈ આંદોલન પેદા ન થાય, એવી

વ્યક્તિ ઈંદ્રિય ભોગ ભોગવતી દેખાય, પરંતુ તે એવી હોતી નથી.

આ શ્લોકમાં એક શબ્દ આવ્યો છે-'**ન કામકામી**' અર્થાત્ જે વ્યક્તિ કામવાસનાઓ પાછળ દોડે છે, એને ક્યારે શાંતિ મળતી નથી. એ સતત ઉત્તેજિત ક્ષુબ્ધ તણાવથી પીડાતો રોગી જ બની રહે છે. અહીં 'કામ' શબ્દનો ઉપયોગ કરવાનો આશય છે-એ ઈંદ્રિયોના બાહ્ય સુખ આપનાર ઉપભોગના વિષયો સાથે છે. એ એક પ્રકારનો વિકાર છે, જે અધઃપતનનું કારણ બને છે. જે કામના શબ્દથી ભિન્ન છે. એટલા માટે એને સારી રીતે સમજી લેવો જોઈએ. ઈન્દ્રિયોના તમામ સ્રોતો દ્વારા, સ્થિતપ્રજ્ઞ વ્યક્તિની સમીપ વિશ્વના અનંત વિષયો આવતા રહે છે. પરંતુ જેવી રીતે સમુદ્ર પાણીના વિશાળ ભંડારને પોતાની અંદર સમાવી આત્મસાત કરી લે છે, બરાબર એ જ રીતે સ્થિતપ્રજ્ઞ વ્યક્તિ તમામ વિષય ભોગને પોતાની અંદર સમાવી લે છે.

અહીં ભગવાન કૃષ્ણ કહી રહ્યા છે, કે સ્થિતપ્રજ્ઞ એક સમુદ્રની જેમ ધીર-ગંભીર વ્યક્તિત્વવાળો હોય છે. જેવી રીતે સમુદ્ર ચારે બાજુથી આવનારા જળને પોતાની અંદર સમાવી લે છે, છતાં પણ તે મર્યાદાઓનું ઉલ્લંઘન કરતો નથી એ જ રીતે અનેક કામનાઓ-કામભાવ બરાબર અંદર પ્રવેશ કરવા છતાં સ્થિતપ્રજ્ઞ વિચલિત થતો નથી-શાંત રહે છે. જે કામ ઉપભોગ પાછળ દોડે છે, તેને શાંતિ પ્રાપ્ત થતી નથી. તે હંમેશા શુબ્ધ-અશાંત બની રહે છે. અહીં ભગવાન શ્રીકૃષ્ણે જે કામ શબ્દનો પ્રયોગ કર્યો છે, તે અહીં સ્થિતપ્રજ્ઞના લક્ષણો સાથે બહુવચનમાં પ્રયુક્ત થયો છે.''**कामा यं प्रविशन्ति**'' નો અર્થ છે- ઉપભોગ્ય પદાર્થ-વિષયભોગ-બાહ્યસુખ- ના વિષયોનો ઉપભોગ. આવાજ 'કામ' નો અર્થ ઋષિએ ઉપનિષદમાં કર્યો છે, જ્યારે તઓ કહે છે-'**ये ये कामा दुर्लभा मर्त्यलोके**' અર્થાત 'હે નચિકેતા! જે જે વિષયભોગ આ જગતમાં દુર્લભ છે, તે બધા જ યમ હું તને આપું છું.' આ રીતે કામ શબ્દના ત્રણ અર્થ થયાં છે- એક મૂળ વિકાર કામ, બીજી મનોગત કામના, ત્રીજો બાહ્ય વિષયોનો ઉપભોગ. પરમ પૂજ્ય ગુરુદેવ પણ એક આવો જ અર્થ આપતા રહેતા હતા-''કામ અર્થાત અંતઃની આનંદની વૃત્તિ, જેનું ઉર્ધ્વગમન કરવાથી તે રચનાત્મક જ્ઞાનની શક્તિ બની જાય છે. આ વિષયના સંદર્ભમાં ''આધ્યાત્મિક કામ વિજ્ઞાન'' પુસ્તકમાં ખૂબજ વિસ્તાર પૂર્વક વ્યાખ્યા કરવામાં આવી છે.

બાહ્યવિષયોને ‘કામના’ ને આધારભૂત કહેવાનું કારણ એ છે કે એનો આશ્રય લેવાથી મનમાં કામના જાગૃત થાય છે. એ વિષય જ કામનાઓનું નિમિત્ત બને છે. અનેક જન્મોના પહેલાંના કર્મ-અનેક નવા અને જૂના અનુભવો તથા તદ્જન્ય સંસ્કાર, એ જ આપણાં મનની કામનાઓનું ઈચ્છાઓનું મૂળ કારણ છે. એના કારણે જ બાહ્ય પદાર્થોને વિષયભોગ પેદા કરવાવાળા છે એવું કહેવામાં આવે છે.

મન પર સહજ રીતે જ વિષયોની બાહ્ય પદાર્થોની અસર થતી રહે છે. તે ઈન્દ્રિયો દ્વારા મનમાં પ્રવેશ કરે છે, તો પણ સ્થિતપ્રજ્ઞના ચિત્ત પર એનો કોઈ પ્રભાવ પડતો નથી. એ જ સ્થિત પ્રજ્ઞા પુરુષનો વૈભવ છે. એ હૃદયમાં સ્થિત કામનાઓને-ભોગ કરવાની ઈચ્છાઓને સમાપ્ત દે છે. તેને કોઈપણ વિષયથી ડરવાની, કે દૂર રહેવાની જરૂરિયાત નથી. વિષયોના બજારમાં, કે માયાવી સંસારમાં તેને લાવીને ઉભો કરી દીધો છે, તો પણ તે પોતાની સ્થિતિથી ડગમગતો નથી. વેદવ્યાસજીએ અહીં શ્રીકૃષ્ણરૂપે યોગેશ્વર પાસે કાવ્યના માધ્યમ દ્વારા જ્ઞાની પુરુષની ગૌરવ ગાથાનું ગાન કરાવ્યું છે.

સ્વાદ હોય કે અસ્વાદ, સ્થિતપ્રજ્ઞ પુરુષનું મન આહાર ભોગથી ક્યારે પણ વિચલિત થતું નથી. રસગુલ્લા ખાતી વખતે મન ઈચ્છે છે, કે હજી હું વધુ ખાઉ. હું સ્થિતપ્રજ્ઞ છું અમોને ભોગ વિચલિત કરતાં નથી. અને રસગુલ્લા ખાવાની ઈચ્છા થાય છે. આ ઉદાહરણ આપી સ્વામી વિવેકાનંદ કહેતા હતા કે એવો પુરુષ કે જેની જીભ પર છાલા પડી જાય, ત્યારે તે ચીસો પાડતો રહે ખિજાતો રહે, તો એ માણસ સ્થિતપ્રજ્ઞ બની શકતો નથી. મન અસ્થિર ન થાય, તો એક વ્યક્તિ બધું જ ગ્રહણ કર્યા પછી પણ ક્યારે વિકારયુક્ત થતી નથી. એકવાર સ્વામી વિવેકાનંદ અનેક પ્રકારના અભક્ષ્ય પદાર્થો ખાઈને રામકૃષ્ણ પરમહંસ પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે આપ તો ડુંગરી તથા લસણને પણ ખાવાની ના પાડો છો, જ્યારે હું ઘણું બધુ અભક્ષ્ય ખાઈને આવ્યો છું. ત્યારે ઠાકુરે કહ્યું કે તૂં એ બધાથી પર છે, તૂં એમની સમક્ષ ખોટા ઉદાહરણો રજૂ ન કર. તૂં કેટલી ઉચ્ચ સ્થિતિ સુધી પહોંચેલો સ્થિતપ્રજ્ઞ છે, એ સમજ્યા વગર તારી નકલ કરવા લાગશે,જ્યાં તને વિકારો જરા પણ વિચલિત કરતાં નથી.

એક આવું જ ઉદાહરણ પરમ પૂજ્ય ગુરુદેવના જીવનનું છે. એકવાર તેઓ પ્રવાસ પર હતા. એક પરિજને લાગણીવશ થઈ ભૂલથી દૂધમાં ખાંડના બદલે મીઠું નાખી દીધું અને તેને યોગ્ય રીતે હલાવીને મેળવ્યું પણ ન હતું, જેથી તેણે ચમચી લાવી તેને ફરી હલાવી પૂજ્ય ગુરુદેવને આપ્યું, ત્યાં સુધી તેઓ એક ઘૂંટો પીને દૂધ ચાખી ચૂક્યા હતા. તેઓ ભક્ત સામે બધુ જ દૂધ પી ગયા અને ચહેરા પર જરા પણ ભાવ આવવા ન દીધો કે દૂધમાં ખાંડ નહીં પરંતુ મીઠું નાખ્યું છે. સાથે પ્રવાસ ખેડી રહેલા આદ૦પંડિતજી તથા એક અન્ય પરિજનના ચહેરા પર જ્યારે તેમણે આ ભાવ જોયો, તો મૌનની ભાષામાં ધમકાવી દીધા તથા તેને પી જવાનો ઈશારો કર્યો. બાદમાં જ્યારે બીજાઓ પાસેથી એ બહેનને જ્યારે જાણ થઈ, ત્યારે એ ખૂબ રડી અને બોલી ઉઠી કે હું આ શું કરી બેઠી? પરંતુ સ્થિતપ્રજ્ઞની સ્થિતિ સુધી પહોંચેલા આપણાં ગુરુજીએ પોતાના તરફથી જરા જેટલી ત્રુટિનો આભાસ થવા ન દીધો. આવા ભોગ, આવા મહામાનવ -માં જઈને લય પામી જાય છે.

એકવાર રામકૃષ્ણ પરમહંસ પાસે ગિરીશ બાબુ તથા નરેન્દ્રનાથ ચર્ચા કરી રહ્યા હતા કે સ્થિતપ્રજ્ઞ વ્યક્તિ કેવી હોય છે. તેને કેવી રીતે અને ક્યાં જોઈ શકાય. ઠાકુરે ગિરિશબાબુને ચર્ચા માટે પોતાની પાસે રોકી રાખ્યા તથા નરેન્દ્રનાથ (સ્વામી વિવેકાનંદ)ને કહ્યું કે પંચવટીમાં જઈને ધ્યાન કરો. તેઓ ઉઠીને પંચવટીમાં જઈ ધ્યાન કરવામાં બેઠા. થોડીક ક્ષણોમાં જ મચ્છરોએ સ્વામીજીને ચારેબાજુથી ઢાંકી દીધા, જાણે કાળી ચાદર જ ઓઢી લીધી ન હોય! છતાં પણ તેમનું મન એકાગ્ર રહ્યું અને જરા પણ વિચલિત ન થયું. ત્યારબાદ રામકૃષ્ણ પરમહંસે ગિરીશ બાબુને નરેન્દ્ર પાસે બેસીને ધ્યાન કરવાનું કહ્યું, તો તેઓ ઘણા સમય સુધી મચ્છરોના ત્રાસથી વિચલિત રહ્યા. ક્ષણવાર પછી તેઓ ઓરડાઓ જઈ એક કામળો લઈ આવ્યા, જેથી તેને ઓઢી ધ્યાનમાં એકાગ્ર થઈ શકાય. છતાં પણ કોઈ જગ્યાએથી મચ્છરો કામળામાં ઘુસી આવ્યા, ત્યારે તેઓ ફરીથી અસ્થિર બની ગયા. તો બીજી બાજુ મચ્છરોના સતત ત્રાસ પછી પણ સ્વામી વિવેકાનંદ સતત આઠ કલાક સુધી ધ્યાનમગ્ન રહ્યા. ગિરિશબાબુ મચ્છરો ઉડાડતા રહ્યા અને નરેન્દ્ર તરફ આશ્ચર્યથી જોતાં રહ્યા કે એમને ધ્યાન કેવી રીતે લાગે છે. વિવેકાનંદજી ધ્યાનમાંથી

ઉઠ્યા અને પોતાનો હાથ હલાવ્યો, તમામ મચ્છરો ઉડી ગયા. તેમણે ગિરીશબાબુને જોયા અને કહ્યું કે જીસી (ગિરીશ બાબુનું નામ) આપ શું કરી રહ્યા છો? ત્યારે તેઓ બોલ્યા કે હું ધ્યાન કરવાનો પ્રયત્ન કરી રહ્યો છું, પરંતુ કરી શક્યો નથી. આટલા મચ્છરો હોવા છતાં આપે કેવી રીતે ધ્યાન કરી લીધું. ત્યારે સ્વામીજી બોલ્યા કે ધ્યાન તો આત્માથી કરવામાં આવે છે. મચ્છર શરીરને કરડી રહ્યા હતા,એ આત્માને થોડું કષ્ટ આપી રહ્યા હતા. આપ જરા શરીરમાં ઉંડા ડૂબી ધ્યાન કરીને તો જૂઓ. જ્યારે આવી સ્થિતિ આવી જાય છે, ત્યારે આત્મા રૂપી સમુદ્ર નિશ્ચલ બની રહે છે, ભલેને અનેક મુશ્કેલીઓ-કષ્ટો આવે-કેટલાયે વિષયોનું આક્રમણ થાય, તો પણ ચિત્ત જરા જેટલું પણ ડગમગતું નથી. આવી સ્થિતિમાં કરવામાં આવેલા જાપ બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરાવી દે છે. આ ઉદાહરણથી સ્થિતપ્રજ્ઞના વિષયમાં 'સમુદ્ર' વાળી જે ઉપમા આપવામાં આવી છે, તેને સારી રીતે સમજી શકાય તેમ છે.

ગીતાના દ્વિતીય અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞની સ્થિતિનું આ સતરમાં શ્લોકના દૃષ્ટિકોણથી વિવેચન કરતાં આચાર્ય વિનોબાજીએ પોતાના ગ્રંથ 'સ્થિતપ્રજ્ઞ દર્શન'માં લખ્યું છે, કે સ્થિતપ્રજ્ઞ સ્થિતિ અવિચળ માનસિક સ્થિતિની તથા અંતઃકરણની હોય છે. એક તરફ તેમાં અત્યંત શુધ્ધ કર્મ પણ અસંભવ હોય, તો બીજી બાજુ નિષિદ્ધ કર્મ પણ અસંભવ છે. એક બાજુ શુભાશુભ કર્મનો યોગ છે. તમામ સ્થિત પ્રજ્ઞ સ્થિતિ ધરાવતી વ્યક્તિઓના લક્ષણો હંમેશા એક સમાન જ રહે છે. તેમનું આંતરિક જગત (મન) હંમેશા શાંત રહે છે. આત્મસ્થિતિ ક્યારે પણ ભંગ થતી નથી. હંમેશા અવિચળ બની રહે છે. જાગૃત વિવેક શક્તિના માધ્યમથી સત્ તથા અસત્નું નિરંતર ભાન કરતાં એ સમુદ્ર જેમ વિરાટ ધીર-ગંભીર હૃદયવાળી હોય છે. તેમાં છુપાયેલ સ્થિતપ્રજ્ઞની પરિભાષાને સમજાવી જોઈએ. નહીં તો આપણે સૌએ માની બેસીશું કે એને આચાર-વ્યવહાર અંગે કોઈ રોકટોક હોતી નથી. તે ઈચ્છે તે કરે છે-કરી શકે છે, પરંતુ તે વ્યક્તિ નિર્લેપ ભાવથી કરી રહી છે, અર્થાત્ તે ક્ષમાને પાત્ર છે. એવું થવાથી તો કોઈપણ આ પરિભાષાના વસ્ત્રોમાં ઘુસી શકે છે. સાચી રીતે તો સ્થિતપ્રજ્ઞ સ્વયંને એ રીતે વિકસિત કરી લે છે, કે એની દૃષ્ટિમાં સંસારમાં શુભ સિવાય કંઈ પણ નથી- એ સર્વવ્યાપી બની જાય છે. એના

કારણે જ એ હંમેશા શાંત હોય છે. શાંતિ મેળવવાનું આ એક જ સૂત્ર છે.

આગામી શ્લોક છે-

**विहाय कामान्यः सर्वान्पुमां श्चरति निःस्पृहः।**
**निर्ममो निरहंकारः स शांतिर्माधिगच्छति॥ २/७१॥**

અર્થાત્ જે પુરુષ સંપૂર્ણ કામનાઓ-ઈચ્છાઓનો ત્યાગ કરી મમતા રહિત, અહંકાર રહિત અને સ્પૃહારહિત થઈને વિચરે છે, તે જ શાંતિ પ્રાપ્તિ કરે છે અર્થાત્ તે શાંતિરૂપ બની જાય છે.

સ્થિતપ્રજ્ઞ પ્રકરણના આ ઉપસંહાર પ્રધાન વિવેચનમાં ઘણી મહત્વની વાત કહેવામાં આવી છે, જેમાંથી કેટલીકનું પુનરાવર્તન કરવામાં આવી રહ્યું છે. યોગીરાજ શ્રીકૃષ્ણે લક્ષણોની શરૂઆત કામનાના ત્યાગથી કરી છે. અહીં ઉપસંહારમાં પણ તેમણે ફરીથી કામનાના ત્યાગની વાત કહી છે. મમતા, અહંકાર અને સ્પૃહા (વાસના અથવા ઈચ્છા) આ ત્રણેને છોડી દે, તે શાંતિરૂપ બની જાય છે. આ એક પ્રકારે તૃષ્ણા, અહંકાર અને વાસના રૂપે, વિતેષણા, લોકેષણા અને પુત્રેષણા રૂપે સમજાવવામાં આવતી રહી છે. અહીં 'નિઃસ્પૃહ' શબ્દને સમજવો જરૂરી છે. જ્યારે તમામ વાસનાઓને છોડી દીધી, તો પછી સ્પૃહા (કામના-વાસના) છોડી નહીં, એ વાત આ શ્લોકમાં સમજવમાં આવતી નથી. 'જ્યારે તમામ કામનાઓ છૂટી ગઈ તો જીવન સંબંધી કામના છૂટી કે નહીં'- તેનો આશય અહીં વિહાય કામાન પછી નસ્પૃહથી છે. જીવવાની અભિલાષા મૃત્યુ સુધી શૂળની જેમ ભોંકાતી રહે છે, પરંતુ જે જીવવાની વાસના છોડી દે છે, તે જીવંત રહેવા છતાં જીવનથી મકમ બની પરમહંસ બની જાય છે. જીવન શુધ્ધ, આનંદમય બની જાય છે. સ્થિતપ્રજ્ઞ વ્યક્તિ જીવનથી કંટાળેલ હોતી નથી. જીવનની અભિલાષા સમાપ્ત થઈ જવાથી મૃત્યુનો ભય પણ સમાપ્ત થઈ જાય છે. અર્જુનની મનની સ્થિતિને જોતાં ભગવાન ધ્વારા એ સ્પષ્ટ કરવું ઘણું જરૂરી હતું અને યુગશિક્ષણ માટે તેને એક સૂત્ર બનાવવાનું હતું.

અહીં 'ચરતિ' શબ્દ આવ્યો છે-એનો ભાવાર્થ છે એક એવી વ્યક્તિ કે જે રમે છે-કુદે છે અને વિચરે છે, કે તેના જીવનમાં દુઃખ રહેતું નથી. બહારની વાસનાઓ, જીવવાની અભિલાષાઓ સમાપ્ત થતાં અંદરનો વિશુધ્ધ આનંદ બાકી રહી જાય છે. આ રીતે તે નાના બાળક સમાન

નિર્મળ ચિત્ત-મનવાળો બની વ્યવહાર કરતો વિચરણ કરે છે. 'ગીતા રહસ્ય'ની અનુસાર લોકમાન્ય તિલકે કહ્યું છે, કે 'ચરતિ'નો અર્થ છે-સંયમપૂર્વક ઈન્દ્રિયોનો સદુપયોગ કરતાં જીવવું તથા પરમ પૂજ્ય ગુરુદેવ કહેતાં હતા કે આ શબ્દનો અર્થ છે-દેવમાનવોની જેમ હંમેશા હસતું હસાવતું જીવન જીવવું. બીજાઓને સુખ મળે એવાં ઈન્દ્રિયોનો ઉપભોગ કરવો એક સાધકની સ્થિતિમાં જીવવાથી અહંકાર તથા મોહ ચાલ્યો જાય છે. શુભાશુભ કામનાઓ ચાલી જાય છે. જીવનની સ્પૃહા (વાસના) ચાલી જાય છે, ત્યારે માત્ર શાંતિ જ શાંતિ રહી જાય છે.

સાંખ્યયોગનો અંતિમ શ્લોક સ્થિત પ્રજ્ઞની સમાધાન પ્રધાન વ્યાખ્યા કરે છે-

**एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति।**
**स्थित्वास्यामंतकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति॥ ७२/२॥**

અર્થાત્ 'હે અર્જુન! આ બ્રહ્મને પ્રાપ્ત થયેલ પુરુષની સ્થિતિ છે. તેને પ્રાપ્ત થઈને યોગી ક્યારે પણ મોહિત થતો નથી અને અંતકાળમાં પણ આ બ્રાહ્મી સ્થિતિમાં સ્થિત થઈને બ્રહ્માનંદને પ્રાપ્ત થઈ જાય છે.'

સિધ્ધ પુરુષ જેમાં વાસ કરે છે, ચેતનાની આ અવસ્થાને બ્રાહ્મી સ્થિતિ કહેવામાં આવી છે. એ ઉચ્ચચેતનાના જાગરણનું-ભગવત ચેતનાના અતિચેતનમાં અવતરણની પ્રક્રિયાનું નામ છે. એ એક પ્રકારે પરિવર્તિત જીવન દૃષ્ટિનું નામ છે. એ નિત્ય તથા સ્થાયી વ્યાખ્યા છે. તેમાં પહોંચી વ્યક્તિ ક્યારે લૌકિક ધરાતલ પર પાછો વળતો નથી. એ એક પ્રકારે મનની ક્રાંતિકારી છલાંગ છે. 'બ્રાહ્મી સ્થિતિ' શબ્દ જ્યાં આવ્યો છે, ત્યાં યોગેશ્વર કૃષ્ણ સ્થિતપ્રજ્ઞની મૂળધરી પર કેન્દ્રિત બની રહ્યાં છે. આ સ્થિતિ 'સ્થિતપ્રજ્ઞ'ની હંમેશા ટકી રહેનારી સહજ અવસ્થા છે. તેમાં વ્યક્તિ પર જ્ઞાનનો બોજ થતો નથી. અંતકાળ સુધી ટકી રહેનારી આ સ્થિતિમાં સહજ હળવાશ હોય છે,જે નિરંતર જળવાઈ રહે છે. આપત્તિના સમયમાં પણ ટકી રહે છે. બ્રહ્મનિર્વાણનો અર્થ છે-બ્રહ્મમાં મળી જવું-ભળી જવું, એકાકાર બની જવું. આ વ્યાપક સ્થિતિ છે-'બ્રહ્મનિર્વાણ'. અહીં શરીરનો પડદો હટી જાય છે. તમામ ઉપાધીઓને છોડી, દેહભાવ છોડી વ્યક્તિ અનંતમાં-બ્રહ્મમાં લીન બની જાય છે. તેનો લોક સંગ્રહ થતો દેખાઈ છે. કીર્તિ અખૂટ બની જાય છે. આપણી વૈદિક સંસ્કૃતિમાં

'બ્રહ્મનિર્વાણ' શબ્દ વિશાળ વ્યાપકતાનો બોધ કરાવે છે, કે હું નાશ પામી ગયો છું, હું શૂન્ય બની ગયો છું. ના બદલે હું વ્યાપક બની ગયો છું, હું અનંત બની ગયો, આ અર્થ ઉપયોગી શબ્દ બને છે. પરમ પૂજ્ય ગુરુદેવે સ્વયંને સૂક્ષ્મમાં વિલીન કરી અનંત વિરાટ રૂપ ધારણ કરી લીધું. આ આપણે સૌએ જોયું તથા દરરોજ જોઈ રહ્યા છીએ. 'સ્થિતપ્રજ્ઞ'નું સમગ્ર દર્શન અગર સમજવું હોય તો પરમ પૂજ્ય ગુરુદેવના જીવન દર્શનમાં આપણે તેની છબિ જોઈ શકીએ છીએ.

## કોઈ કર્મ કર્યા વગર કેવી રીતે રહી શકે

કર્મયોગ એક પ્રકારે એક વૈજ્ઞાનિક જીવન પધ્ધતિનું વર્ણન કરે છે. ભગવાને આ અધ્યાયમાં પોતાના શિષ્યને એ બતાવવા માંગે છે, કે તેનો જન્મ એક રજોગુણી રૂપે-ક્રિયા પ્રધાન વાસનાઓની સાથે થયો છે. તેનો ક્ષય રાષ્ટ્રની સંસ્કૃતિની સેવા કરી તથા અનીતિનો નાશ કરીને જ થઈ શકે છે. એણે દટીને અને કમર કસીને કર્મ કરવું જોઈએ. તેણે પોતાની સન્મુખ ઉપસ્થિત થયેલ સમસ્યાઓથી ડરીને ભાગવું ન જોઈએ, પરંતુ તેનો બરાબર સામનો કરવો જોઈએ. ભલે ને તે સમસ્યાઓ ગમે તેટલી કષ્ટકારક કેમ ન હોય, જીવનના સમરાંગણમાં તેને માટે તો એ સહાયક એક પૌષ્ટિક આહાર જ સાબિત થશે. તેને તેનો સામનો કરી યુગધર્મનું પાલન કરવું જોઈએ.

અર્જુન રૂપી સર્વશ્રેષ્ઠ શિષ્ય ધ્વારા પૂછવામાં આવેલા એક ખૂબ જ ઉપયોગી પ્રશ્ન ધ્વારા આ અધ્યાયનો આરંભ થાય છે. 'હે જનાર્દન! અગર આપ માનો છો કે કર્મોની અપેક્ષાએ જ્ઞાન શ્રેષ્ઠ છે, તો હે કેશવ! આપ મને આ યુધ્ધરૂપી ઘોર કર્મ તરફ શા માટે ધકેલવા ઈચ્છો છો?'

**'तात्किं कर्मणि घोरे मां नियोजयसि केशव' (३.१)**

હજી સુધી તો અર્જુન જ્ઞાનની વાતો સાંભળી રહ્યો હતો. એ કહે છે, કે અગર જ્ઞાન જ શ્રેષ્ઠ છે, તો પછી એવું શા માટે કહો છો કે કર્મ કરો, એ પણ યુધ્ધ કરવા જેવું ઘોર-ભયંકર કાર્ય એના સિવાય બીજા શ્લોકમાં એ પણ કહે છે, કે 'આપ મળેલ વચનોથી મારી બુધ્ધિને જાણે આપ સંમોહિત કરી રહ્યા છો. એક વાત નિશ્ચિત બનીને કહો, કે જેનાથી મારું કલ્યાણ થાય, મારા મનને શાંતિ મળે.'

**व्यामिश्रेणेव वाक्येन बुद्धिं मोहयसीव मे।**
**तदेकं वद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम्॥ ३/२॥**

અર્જુનના જેટલા પણ પ્રશ્નો છે, તે કોઈ વિહ્વળ બુધ્ધિહીન વ્યક્તિના નથી, પરંતુ એ કોઈ જિજ્ઞાસુ સાધક શ્રેણીના પુરુષના હોઈ શકે. ક્યારે ક્યારે આપણે પરમ પૂજ્ય ગુરુદેવની વાતો સમજી શકતા નથી. આપણે એવું સમજીએ છીએ કે ક્યારેક તેઓ કંઈ કહે છે અને ક્યારે બીજું કંઈ. તેઓ ક્યારેક કહે છે, કે પંચકોષ-ષટચક્ર જગાવો,

ક્યારેક કહે છે, કે જ્ઞાનયજ્ઞ કરો, ઘરેઘર ગાયત્રી તથા યજ્ઞના વિચારો ફેલાવો. ક્યારેક આજ્ઞાચક્ર પર ધ્યાન લગાવવાની વાત કહે છે, તો ક્યારેક આપણાંને પ્રચાર અભિયાનમાં લગાવી દે છે. ક્યારેક શક્તિપીઠ બનાવવામાં લગાવી દે છે, તો ક્યારેક સ્થાનિક આયોજનોમાં શક્તિ ઠાલવી દેવાનું કહે છે. ક્યારેક તેઓ સાધનાના ઉંડાણમાં, જ્ઞાનના મહાસાગરમાં ડૂબકી મારવાનું કહે છે, તો ક્યારેક કહે છે સેવાધર્મ જ સર્વશ્રેષ્ઠ છે. એવું લાગે છે, કે જ્યારે જ્ઞાન સમાન પવિત્ર કંઈ નથી તો આ લૌકિક પ્રપંચ શા માટે? કર્મ શા માટે? એનાથી શ્રેષ્ઠ કંઈ પણ નથી તો કર્મ કરવાની જરૂરીયાત શા માટે?

અગર વાતને સારી રીતે સમજવાનો પ્રયત્ન કરવામાં આવે, તો આજની પરિસ્થિતિઓ છે તે એવી જ છે, જે ક્યારેક કૃષ્ણ અર્જુનના સમયમાં હતી. અર્થાત્ મહાભારતના સમય જેવી જ છે. આપણે તો પ્રયત્ન કરવો જોઈએ કે આપણે ક્યાંક અર્જુન રૂપે તો નથીને. આપણને ક્યારે શ્રીકૃષ્ણની વાત સંભળાય, તો એ માનવું જોઈએ કે એ આપણાં પૂજ્ય ગુરુદેવનો અવાજ છે. અર્થાત માત્ર આટલાથી જ આ યુગગીતામાંથી જ અનેક નિરાકરણ નિકળી આવશે. માત્ર આટલો જ અહેસાસ થઈ જાય તો એ સમજમાં આવી જશે કે સ્થિતપ્રજ્ઞ પરમહંસ કોટિની શક્તિ પાસે આપણે શું માંગવું જોઈએ.

પરમ પૂજ્ય ગુરુદેવ જે કર્મની વાત કહેતા રહેતાં હતા તેમાં તો તેઓ કોઈની પાસે કલમ ચલાવતા હતા, કોઈની પાસે પ્રવચન કરાવતા હતા, કોઈને પાસે વળાવતા હતા, તો કોઈને બિલ્ડિંગના બાંધકામની વાત કહેતા હતા. પ્રાદેશિક કક્ષાના આપણાં કાર્યકર્તાઓ પાસે યજ્ઞસંસ્કાર કરાવતા હતા અને કહેતા હતા કે અખંડ જ્યોતિના વાંચક વધારવા એ સૌથી મોટું પૂણ્ય છે. સાથે સાથે એ જ 'અખંડ જ્યોતિ' પત્રિકામાં જ્ઞાન-ધ્યાનની વાતો બતાવતા હતા. એક લેખ કર્મ પર હોય, તો બીજો સમાધિ પર. ક્યાંક વૈરાગ્યની વાતો છે, તો ક્યાંક સેવા સાધનામાં જ-કર્મમાં જ ભગવાની પૂજાની. આવી સ્થિતિમાં મોહ પેદા થવો, દુવિધા પેદા થવી સ્વાભાવિક છે. આવી સ્થિતિ આપણે ફરીથી ભગવાન સ્વરૂપ ગુરુદેવ યોગેશ્વરના શરણમાં જઈને તેમને તેમના જ કહેલા ગુઢાર્થની વ્યાખ્યા કરવા નિવેદન કરવું જોઈએ.

આપણાં (શિષ્યોમાં) મનમાં જે દુવિધા ક્યારેક ક્યારેક ઉઠતી રહી છે, તે એક સમયે અર્જુનના મનમાં પણ ઉઠી હતી. જે સહજ સ્વાભાવિક છે. ખરેખર કૃષ્ણની કોઈ વાત પરસ્પર વિરાધાભાસી નથી. ક્યારેક સત્યનો એક પક્ષ ખૂલ્લો થાય છે, ક્યારેક બીજો. શ્રી અરવિંદે 'ઉપનિષદ' ગ્રંથમાં લખ્યું છે, કે આપણે પરમાત્માની, સર્વશક્તિમાનની કલ્પના કરી શકીએ નહીં, કારણ કે તેમાં શુભ-અશુભ બન્ને છે. ત્યારે એવું લાગે છે, કે પ્રકૃતિમાં આ વિરોધાભાસ કેવી રીતે? પરંતુ એ પણ જરૂરી છે એક જ મકાનમાં પૂજાઘર પણ હોય છે, જે એકદમ પવિત્ર જગ્યા છે અને તેમાં જ શૌચાલય જેવી અપવિત્ર જગ્યા પણ છે. બન્ને વગર આપણું કામ ચાલી શકે નહીં.

શ્રીરામકૃષ્ણ પરમહંસ ઉપદેશ આપી રહ્યા હતા તે દરમ્યાન સ્વામી વિવેકાનંદને કહે છે-વેદ-ઉપનિષદના વાક્યો અગર આપણી સમજમાં ન આવે તો આપણે એમને ન માનવું જોઈએ કે એ ખોટા છે. એ આપણી બુધ્ધિની શુદ્રતા છે. એ પરમાત્માનું વચન છે.એના સંદર્ભમાં આપણે અનુભવી વ્યક્તિથી પૂછતા રહેવું જોઈએ અને પરસ્પર વિરોધાભાષી વાક્યો પર પોતાની શંકા સ્પષ્ટ કરી દેવી જોઈએ. એટલા માટે બીજા શ્લોકમાં અર્જુન કહે છે-

'**तदेकं वद निश्चित्य**' આપ એક વાત નક્કી કરી એક વ્યક્તિ રૂપે-મારા કલ્યાણ માટે કહો. અર્જુનમાં સાચા જિજ્ઞાસુની ઉત્કંઠા છે, એટલા માટે એ વ્યાકુળ બની આ પ્રશ્ન તેમની સમક્ષ રાખી રહ્યો છે. અર્જુન બીજી પણ વાત કહે છે-**येन श्रेयोऽहमाप्नुयाम्**' એમાં શ્રેય શબ્દ આવ્યો છે, શ્રેય અર્થાત્ સર્વાંગપૂર્ણ કલ્યાણકારી સમૃધ્ધિ. અનેક વાર શ્રેય શબ્દનો ખોટો અર્થ માત્ર સમૃધ્ધિના પર્યાય રૂપે કરી દેવામાં આવે છે. અહીં અર્જુનનો પ્રશ્ન એ છે, કે તેને કયા માર્ગનું અનુસરણ કરવું જોઈએ, જેનાથી પોતાના કુટુંબની સંપૂર્ણ વૃધ્ધિ થાય-રાષ્ટ્રની ઉન્નતિ થાય અને એમાંથી પોતાના ભાગનો ઉપભોગ કરી શકે. ભગવાન જવાબ આપતાં કહે છે કે-

**लोकेऽस्मिन्द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयानघ।**
**ज्ञानयोगेन साङ्ख्यानां कर्मयोगेन योगिनाम्॥ 3/3॥**

અર્થાત્ 'હે નિષ્પાપી અર્જુન! આ લોકમાં મારા દ્વારા પહેલા બે

પ્રકારની નિષ્ઠા હોવાનું કહેવામાં આવ્યું છે. તેમાં સાંખ્ય યોગીઓની નિષ્ઠા તો જ્ઞાનયોગથી અને યોગીઓની નિષ્ઠા કર્મયોગથી થાય છે.

એ વેદાંત માનવતાનું કલ્યાણ ઈચ્છે છે. એ પૂર્ણતાની પ્રાપ્તિનું વિજ્ઞાન છે. એવામાં ભગવાન ગીતાના માધ્યમ થી બે પ્રકારના માર્ગોની ચર્ચા કરે છે. પ્રથમ માર્ગ સક્રિયતાનો-કર્મઠતાનો છે, તો બીજો માર્ગ બુધ્ધિપ્રધાન છે, વિચાર તંત્ર સાથે સંકળાયેલ છે. જે જ્ઞાન તંતુઓને હચમચાવે છે. પ્રથમ કર્મયોગ નો માર્ગ છે,બીજો જ્ઞાનયોગનો માર્ગ છે.

અહીં ભગવાને અર્જુન માટે '**निष्पाप**' શબ્દનો ઉપયોગ કર્યો છે, કેટલું મીઠું સંબોધન છે. અર્જુનના અનેક નામ છે. પરંતુ અહીં તેના ભાવની વિશુધ્ધતા તથા નિર્મળ અંતઃકરણ પર જાણે તેઓ મોહર મારતા સંબોધન કરી રહ્યા ન હોય! બે પ્રકારની નિષ્ઠા દર્શાવતા તેઓ કહે છે, કે જ્ઞાનયોગને એ નહીં માની લેવો જોઈએ કે એ નિષ્ક્રિયતા,જડતા, આળસ પણાંનો માર્ગ છે. શાસ્ત્રોમાં જે નિષ્કર્મ ભાવની વાત કહી છે, તે એ રીતની નથી કે ઘરેથી ભાગી જઈને કંદરાઓ અથવા સમૃધ્ધ મઠોની દીવાલોમાં ભોગવામાં આવે છે. વાસના, કામના રહીત અવસ્થામાં જન્મેલા ચિંતનની સ્થિતિ સાચા અર્થમાં જ્ઞાનયોગની નિષ્ઠા છે. નિષ્કર્મની આડ લઈને યુધ્ધથી ભાગવાનો પ્રયત્ન ન કરે એટલા માટે તેઓ ખૂબ જ સ્પષ્ટ રીતે આગામી શ્લોકમાં સમજાવે છે, કે મનુષ્યને ન તો કર્મોનો આરંભ કર્યા વગર નિષ્કર્મતાની પ્રાપ્તિ થાય છે અને ન તો કર્મના કેવળ ત્યાગ માત્રથી સિધ્ધિ અર્થાત્ સાંખ્યનિષ્ઠા પ્રાપ્ત થાય છે.

**न कर्मणामनारम्भान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते।**
**न च सन्न्यसनादेव सिद्धिं समधिगच्छति॥ ३/४॥**

સંપૂર્ણ ક્રિયાઓમાં કર્તાપણાના અભિમાન રહીત બની સર્વવ્યાપી સચ્ચિદાનંદ પરમાત્માના ચિંતનમાં રહેવાને જ જ્ઞાનયોગ-સાંખ્યયોગ અથવા સંન્યાસયોગ કહેવામાં આવે છે. કેવળ ભગવાન નિમિતે સમત્વ ભાવથી, કોઈપણ કામના વગર આ શક્તિને ત્યાગીને કર્મ કરવામાં આવે છે એજ ગીતાનો કર્મયોગ છે. ભગવાન એને જ ઠેરઠેર તદર્થ કર્મ, મદર્થ કર્મ, મત્કર્મ, સમત્વયોગ નામથી ઉચ્ચારણ કર્યું છે.

તેઓ સ્પષ્ટ શબ્દોમાં કહે છે, કે યોગીઓની નિષ્ઠા કર્મયોગમાં છે. સંન્યાસીઓની, જ્ઞાનીઓની નિષ્ઠા જ્ઞાનયોગમાં છે. પરંતુ કર્મ કર્યા

વગર કોઈપણ નિષ્કર્મની સિધ્ધિને પહોંચી શકતો નથી અને માત્ર કર્મોને છોડી દેવાથી તે જ્ઞાની બની જતો નથી. સાંખ્યનિષ્ઠા પ્રાપ્ત થતી નથી. આ રીતનું કર્મ છોડી અકર્મણ્ય બની રહી કંઈપણ પ્રાપ્ત કરી શકતો નથી. આજે આપણે સમાજમાં ફ્રસ્ટેશન, ડિપ્રેશન વગેરે માનસિક રોગોનું જેટલું બહોળું પ્રમાણ દેખાય છે. તેનું મૂળ કારણ મનુષ્યની કર્મમાં વધુ પડતી આસક્તિ, વધુ પડતી કામના મનમાં રાખી કર્મ કરતાં રહેવું અથવા આળસુપણું. કર્મ કરવામાં આવે તો કોઈ ફળની ઈચ્છા વગર. અગર નિષ્કર્મતા ('જે અવસ્થા પ્રાપ્ત થઈ હોય એ પુરુષના કર્મો અકર્મો બની જાય છે, અર્થાત ફળ પેદા કરતાં નથી') જ આપણી પૂર્ણતાની અંતિમ અવસ્થાની એક એવી સ્થિતિ છે, કે આપણાં સૌ માટે અભિષ્ટ છે, તો પછી કર્મો શા માટે કરવામાં આવે, આ વાત મનમાં ઉત્પન્ન થવા લાગે છે. ત્યારે ભગવાન કહે છે કોઈ પણ મનુષ્ય કોઈપણ કાળમાં ક્ષણ માત્ર કર્મ કર્યા વગર રહી શકતો નથી. કારણ કે સૌને પોતાના પ્રકૃતિ જન્ય ગુણો દ્વારા વિવશ બનીને કર્મ કરવું પડે છે.

**न हि कश्चित्क्षणमपि जातुतिष्ठत्यकर्मकृत्।**
**कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृति जैर्गुणैः ॥ ३/५॥**

વાસ્તવમાં વિના કર્મ મનુષ્યનું કોઈ અસ્તિત્વ નથી. જે કર્મ કર્યા વગર જીવે છે, તે પોતાના અસ્તિત્વને જ ગુમાવી બેસે છે. જે કર્મની અવગણના કરે છે, તે માની લો કે જીવન દેવતાનું અપમાન કરે છે. મનુષ્યના કર્મો તેની અંદર રહેલી વાસનાની બરાબર અનુરૂપ જ હોય છે. વાસનાઓને મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચી શકાય-સાત્વિક, રાજસિક, તામસિક. સત્,રજ, તમ આ ત્રણે પ્રકારના ગુણોની ઉત્પતિ આપણી અંદર પ્રકૃતિમાંથી થાય છે. '**प्रकृति जैर्गुणैः**' ઉપર જે શબ્દ આવ્યો છે, તે જ આપણાં કર્મોનું મૂળ સ્ત્રોત છે. આપણે કોઈ સ્થિતિમાં કર્મ કરવા ન પણ ઈચ્છતા હોયીએ તો આપણી અંદરની રહેલી વાસનાઓ કર્મ કરવા વિવશ કરી દેશે. આપણે ક્યારે પણ નિષ્ક્રિય રહી જ ન શકીએ. જીવન હંમેશા સક્રિયતાથી ભરેલું તથા સકારાત્મક સ્વરૂપ ધારણ કરેલું છે. કર્મોના રૂપે જીવન ખરી રીતે તો ગતિશીલતાની જ અભિવ્યક્તિ છે. જીવિત મનુષ્ય એક ક્ષણ માટે પણ કર્મ કર્યા વગર રહી જ શકતો નથી. (શ્લોકની પ્રથમ લીટી) અથાર્ત્ જ્યારે બધા જ કર્મો સમાપ્ત થઈ જાય છે,

મનુષ્ય મૃત્યુ પામે છે અથવા એમ કહો કે જે અકર્મણ્ય હોય છે, તે જીવિત પરંતુ મૃત્યુ સમાન છે. કર્મથી ભાગવાનો અર્થ છે-જીવનથી ભાગવું અને મૃત્યુના મુખમાં સ્વયંને ધકેલવી. આ તો એક પ્રકારની આત્મહત્યા થઈ. ગીતાનો ખૂબ જ સ્પષ્ટ સંદેશ છે, કે ક્યારે પણ કર્મ કર્યા વગર ન રહો. સમાજ સેવા કરો, રાષ્ટ્રનો ગૌરવ વધારો, માનવ માત્રના કષ્ટોની નિવૃત્તિ માટે તપો. આજ સાચું જીવન છે. જીવતા ત્રાગુ કરવું, ધીમે કામ કરવું, હડતાલ કરવી, ભાગી જવું, કર્તવ્યનો ત્યાગ કરવો, ગેરહાજર રહેવું, આ બધા ઉપાયો જીવનને મંદ મૃત્યુ તરફ લઈ જાય છે. સૌંદર્ય છીનવી લે છે તથા જીવનનું ક્ષરણ કરી નાખે છે. સમાજ વ્યવસ્થા તરફ વિદ્રોહનું નામ ભલે કોઈ પણ પોતાના કર્મોના સ્વરૂપને આપી દે. ખરી રીતે તો તેમણે જીવન દેવતાને નીચે દેખાડવું છે, પોતાના ગૌરવની પ્રતિકુળ જીવન જીવવું છે. જીવનના સમરાંગણમાં તમામ પ્રકારની ઉથલપાથલનો સામનો કરતાં જીવવું, સક્રિય થઈ ઉદ્યમી બની રહેવું જ મનુષ્યને શોભા આપે છે. કર્મ કરો, જાગૃત-સક્રિય બની જીવો અને નિર્ભય બનીને જીવો. પરિશ્રમ કરવાથી ન ડરો. જ્યાં સુધી જીવિત છો, વાસ્તવમાં જીવનની એક એક પળ જીવો. કર્મો દ્વારા ઉંચા ઉઠો, કર્મો દ્વારા જ ઉન્નતિ કરો કર્મો વડે જ વિસ્તાર કરો. ગીતાકારનો જીવનને કલાકારની જેમ જીવવાનો, હસતુ ખિલતું-ખિલાખિલાટ હસાવતું, મસ્તી ભર્યું જીવન જીવવાનો સંદેશ સ્વયંમાં એક પ્રમાણ છે કે ગીતા સન્યાસનું કોઈ પાઠ્યપુસ્તક નથી. ગીતા જીવન જીવવાની કળા શિખડાવે છે અને '**कुर्वन्नैवेह कर्माणि जिजिवेष्छता समा:**' ઉપનિષદકારના કથન અનુસાર કર્મ કરતાં સો વર્ષ જીવતા રહેવાની ઈચ્છા પ્રબળ બનાવી રાખવાની વાત કહે છે.

# ગીતાનો કર્મયોગ વ્યવહારિક આધ્યાત્મનો મર્મ શિખડાવે છે

ભગવાન કહે છે કે 'નિષ્કામભાવ' એક ઉચ્ચ કોટિની સિધ્ધિ છે, તેને સાચા અર્થમાં સમજવામાં આવે. અગર સમજવામાં નહીં આવે તો એક નિરુધમી મૂર્ખ વ્યક્તિ તો એ જ કહેશે, કે ઓછામાં ઓછું કામ અને વધુમાં વધુ ભોગમય જીવન જ સૌથી વધારે આકર્ષક છે. આજે સંન્યાસની સાથે વિડંબણા જોડાઈ ગઈ છે. જ્યાં એક સમયે વર્ણાશ્રમ પરંપરામાં વાનપ્રસ્થી વધુ સક્રિય બની સમાજ માટે જીવવાની પ્રેરણા આપતો હતો. ત્યાં સંન્યાસી જીવન એથી પણ વધુ સક્રિય બની કર્મોનો ક્ષય કરી સંપૂર્ણ પણે વિશ્વકલ્યાણ માટે સમર્પિત હતું. સંન્યાસનો મૂળ હેતુ ક્યાંય રહી ગયો અને આજના સંન્યાસીઓએ યુગધર્મની ઉપેક્ષા કરી સ્વયંને ભોગ વિલાસથી, અકર્મણ્યતા સાથે જોડી દીધો. સૌ એવા છે, એ વાત નથી. પરંતુ લગભગ જોવામાં તો એ જ આવે છે, કે જેણે પલાયન કરવાનું હોય છે, જે સક્રિય જીવન જીવવાથી ગભરાતો હોય છે, તે એ ભીડમાં જઈ ઉભો રહી જાય. અગર આ સંન્યાસી સંસ્થા સક્રિય-જીવંત રહી હોત અને ગીતાકારના ઉપદેશનું પાલન કરી રહી હોત તો ભારતવર્ષના એક કરોડથી વધુ બાવાજી, કે જેઓ પરમ પૂજ્ય ગુરુદેવના કથન અનુસાર સમગ્ર દેશને શિક્ષિત, વિદ્યાવાન અને સ્વાવલંબી બનાવી ચૂક્યા હોત.

એનો અર્થ એ જ છે, કે કર્મ કરવામાં આપણી શોભા છે. તેનો કોઈ વિકલ્પ નથી. એક સાચા કર્મયોગી અને નિમ્ન કોટિના મિથ્યાચારી વચ્ચે અંતર સમજી લેવું પણ જરૂરી છે ભગવાન કૃષ્ણ છઠ્ઠા શ્લોકમાં કહે છે કે-

**कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन्।**
**इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते॥ ३/६॥**

**અર્થાત્-જે મૂઢ બુધ્ધિવાળો મનુષ્ય તમામ ઈન્દ્રિયોને હઠપૂર્વક ઉપરથી નિયંત્રણ કરી મનથી એ ઈન્દ્રિયોના વિષયોમાં ચિંતન કરતો રહે છે, તે મિથ્યાચારી અર્થાત્ દંભી કહેવાય છે.**

આ એ શિક્ષણ છે, જે આપણને સૂચવે છે, કે આપણે કેવી રીતે યોગ્ય રીતે કર્મ કરવું જોઈએ? આદર્શજીવન કેવું હોવું જોઈએ. એક સાચા લોકસેવક અને એક મિથ્યાચારી વચ્ચે શું અંતર હોવું જોઈએ? શારીરિક વિષય ઉપભોગની તુલનામાં માનસિક-કામુકતા-વિષય ચિંતન ન માત્ર આપણી પ્રાણશક્તિનો હ્રાસ કરે છે. આપણી કાર્યકુશળતાનેપણ પ્રભાવિત કરે છે. આંતરિક વિષય ચિંતનના કારણે મનુષ્ય ધીરે ધીરે નિષ્ફળતા તરફ આગળ વધવા લાગે છે, ભલેને તે કેટલું એ કર્મ કરતો કેમ ન દેખાય, અનેક આકર્ષક વ્યકિત્વવાળો, ઉંચા હોદ્દાવાળો કેમ ન હોય.

કર્મ ન કરતાં પણ મનમાંને મનમાં કામુક અશ્લીલ ચિંતન કરનારી, મનમાં દ્વેષ ભર્યા વિચારો પાળનારી વ્યક્તિ મિથ્યાચારી દંભી કહેવાય છે. કર્મ માત્ર બાહ્ય રીતે નહીં જ પરંતુ આંતરિક રીતે પણ નિષ્પાપી મન દ્વારા થવું જોઈએ. ભગવાન શ્રીકૃષ્ણ અહીં એવા લોકોની ચર્ચા કરી રહ્યા છે, જે સમાજની કંઈપણ સેવા કરતા નથી અને સમાજ પર બોજ રૂપ છે અને મનથી વિષયોનું ચિંતન કરતા રહે છે, કામના પ્રત્યેનો આસક્તિનો ભાવ અંદરથી છોડી શકતા નથી.આપણે એવી વ્યક્તિઓથી ભિન્ન એક આદર્શવાદી જીવન જીવનારા બુધ્ધિશાળી, પ્રજ્ઞાવાન વ્યક્તિ બનવાનું છે.તેઓ સાતમાં શ્લોકમાં કહે છે કે-

**यस्त्विन्द्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन।**
**कर्मेन्द्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते॥ ३/७॥**

**અર્થાત્- હે અર્જુન ! જે પુરુષ ઇંદ્રિયોને મન ધ્વારા સંયમી બનાવી, નિરાસક્ત બની તમામ ઈન્દ્રિયો દ્વારા (શરીર દ્વારા) કર્મયોગ નું આચરણ કરે છે, એ જ પુરુષ શ્રેષ્ઠ છે.**

મહામાનવની આ જ વ્યાખ્યા છે. મનમાં અનાસક્તિનો ભાવ પેદા થવો. મન ધ્વારા જ ઈન્દ્રિયોનો સંયમ સંભવ છે. મન પણ ઈન્દ્રિયોના માધ્યમ વડે બહાર ભાગતું રહે છે. સંયમી મન ધ્વારા જ ઈન્દ્રિયો દ્વારા ક્રિયાઓ કરતાં બાહ્ય સંસારના સ્વામી જ માત્ર નહીં, પરંતુ પોતાના ઉદ્વેગ રહિત શાંત મનના સ્વામી બનીને જીવવું મનુષ્યને શોભા આપે છે. એવી વ્યક્તિએ અનાસક્ત મન દ્વારા જ સંસારમાં રહી પોતાના કર્મો કરવા જોઈએ.

'અનાસક્ત'ના શબ્દને અહીં સારી રીતે સમજી લેવો જોઈએ. આ શબ્દ ગીતાયોગની મૂળ ધરી છે. આસક્તિનો અર્થ છે-હું (અહંકાર) ઈચ્છું છું.(પ્રાપ્ત કરવાની-ભોગની ઈચ્છા). અહંકાર અને અહં પર કેન્દ્રિત ઈચ્છાના યુગલને જ આસક્તિ કહેવામાં આવી છે. ભગવાન કૃષ્ણ જ્યારે 'અનાસક્ત'ની વાત કહે છે, તો તેઓ કહે છે, કે અહંકાર અને અહં કેન્દ્રિત ઈચ્છાઓ અને વાસનાઓથી રહિત બની, સંસારના સેવક બની જીવવું. તેને માટે કર્મક્ષેત્ર એક એવા મંચ સમાન હોય છે, કે જ્યાં તે નવી વાસના પેદા કર્યા વગર વર્તમાન વાસનાઓનો ક્ષય કરતો રહે છે.

સ્વામી વિવેકાનંદ કહે છે, કે 'કર્મનો (સકામ) જ્યાં સુધી ક્ષય ન થયો હોય, ત્યાં સુધી સંન્યાસ કોઈ કામનો નથી.' આદ્ય શંકરાચાર્ય વિવેક ચુડામણિમાં કહે છે, કે ''નિષ્કામ કર્મ કરતાં જ્યારે આપણે આગળ વધીએ છીએ, ત્યારે આપણાં કુસંસ્કારો એવી રીતે ખરી પડે છે, કે જેવી રીતે જૂના થઈ ગયેલા પીળા પાંદડા વૃક્ષ પરથી ખરી પડે છે, કે જેની ખબર પણ પડતી નથી. નિષ્કામ કર્મ, આસક્તિ વગર કરવામાં આવેલું કર્મ સૌથી મોટું તપ છે,યોગ છે.''

આપણે જેટલા પણ મહાપુરુષો જોઈ રહ્યા છીએ એ બધા જ કર્મથી મહાન બન્યા છે. તેનાથી એ વિદિત થાય છે, કે નિષ્કામ કર્મ જ તેમના જીવનની મૂળ ધરી છે. આદ્ય શંકરાચાર્ય, સ્વામી વિવેકાનંદ, મિલ્ટન વગેરેએ થોડાક સમયમાં જ અભીષ્ટ લક્ષ્યને પ્રાપ્ત કરી પોતાનું નામ ઈતિહાસમાં લખાવ્યું. પરમ પૂજ્ય ગુરુદેવે જીવનભર નિષ્કામ ભાવે કર્મ કર્યું. યુગસાધનામાં લાગી યુગધર્મનું પાલન કર્યું. પરમ પૂજ્ય ગુરુદેવે પોતાના ગુરુના આદેશ અનુસાર ૨૪ લક્ષના ૨૪ મહાપુરશ્ચરણનો આરંભ કર્યો, ત્યારે તેમને સાથે બીજો પણ આદેશ મળ્યો કે આધ્યાત્મિક પરિશ્રમ ખેડવા ઉપરાંત લૌકિક દૃષ્ટિએ પોતાની જાતને ત્રણ વર્ષ માટે સ્વતંત્રતા સંગ્રામમાં પણ લગાવવી પડશે. આવી સ્થિતિમાં અગર ૨૪ વર્ષના મહાપુરશ્ચરણ ૨૭ વર્ષે સંભવ બનતા હોય તો કોઈ વાંધો નથી, પરંતુ તેને પણ તેઓ યુગધર્મ માનીને કરે. કોઈપણ કામના વગર, અનાસક્તિના ભાવથી જ્યાં સુધી બતાવવામાં આવ્યું ત્યાં સુધી પૂજ્ય ગુરુદેવે સ્વંત્રતા સંગ્રામ સેનાની નાતે ભાગ લીધો અને ફરીથી સાધનામાં લાગી ગયા. આપણાં સૌ માટે પણ આજના સમયનો સ્વતંત્રતા સંગ્રામ એક જ છે-તે છે

યુગનિર્માણનું આંદોલન, વિચારક્રાંતિ અને જ્ઞાનયજ્ઞ અભિયાન. શરીર બિમાર હોય, મન થાકેલું હોય, તો પણ કોઈ વાંધો નહીં. આ તપથી શરીર ધોવાઈ જશે અને મન આપોઆપ તંદુરસ્ત બની જશે. કુસંસ્કાર રૂપી પાંદડાઓ આ કર્મના માધ્યમથી ખરતા રહે, તો આ દેવી કૃપા મહાનતા રૂપે વરસશે. આપણે જે કોઈપણ કર્મ કરીએ આસક્તિ રાખ્યા વગર કરતા રહીએ.

હવે પ્રશ્ન એ પેદા થાય છે, કે કયું કર્મ કરીએ? એ કયા પ્રકારનું કર્મ હોય? શું કોઈ એવું કર્મ પણ હોઈ શકે,કે જેને કરવાથી આપણાં સંવેદનશીલ મનને આઘાત પહોંચતો હોય, આપણી આધ્યાત્મિક પ્રગતિમાં અવરોધ આવતો હોય? ત્યારે ભગવાન કૃષ્ણે અર્જુનના મનને કળી જઈ કહે છે કે-

**नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।**
**शरीरयात्रापि च ते न प्रसिद्ध्येदकर्मणः ।।3/८ ।।**

**અર્થાત્ હે અર્જુન! તૂં શાસ્ત્રના નિર્દેશ અનુસાર કર્મ કર. કારણ કે કર્મ ન કરવાની અપેક્ષાએ કર્મ કરવું શ્રેષ્ઠ છે તથા કર્મ ન કરવાથી તારા શરીરનો નિર્વાહ પણ પૂરો નહીં થાય.**

જેવા શાસ્ત્ર કહે છે, જે સમયની આવશ્યકતા અનુસાર જરૂરી છે, એવા જ કર્મ કરવા જોઈએ. રજૂ કરવામાં આવેલ શ્લોક ધ્વારા એ નિષ્કર્ષ નિકળે છે, કે સંપૂર્ણ તત્પરતા સાથે તમામ ઇંદ્રિયોનું નિયોજન યુગધર્મના નિર્વાહ માટે થાય. આપણાં ઋષિઓએ કર્મોના સંદર્ભમાં ખૂબ જ સ્પષ્ટ વિભાજન કરી આપણાંને માર્ગદર્શન પુરું પાડ્યું છે. તેમણે તેને ચાર ભાગમાં વહેંચી દીધા છે.

**(૧) નિષિદ્ધ કર્મ-**જે મનુષ્યના વિકાસની અનુરૂપ નથી તથા શાસ્ત્રોએ જેની નિંદા કરી છે.

**(૨) કામ્ય કર્મ-**જે અંગત ઈચ્છાઓ, કામનાઓ દ્વારા પ્રેરિત હોય છે.

**(૩) નિત્ય કર્મ-**મનુષ્ય હોવાના નાતે જે કાર્ય કરવાની સૌની પાસે અપેક્ષા રાખવામાં આવે છે.

**(૪) નૈમિત્તિક કર્મ-**વિશેષ અને અસામાન્ય પરિસ્થિતિઓમાં જે કર્મો કરવાની આપણી પાસે અપેક્ષા રાખવામાં આવે છે.

તે પૈકીના પ્રથમ બે થી આપણે બચવું જોઈએ, કારણ કે તે ન તો

માનવીના ગૌરવ અનુરૂપ હોય છે અને ન તો આધ્યાત્મિક પ્રગતિમાં સહાયક છે. શાસ્ત્રોના મતાનુસાર આગલા બે નિત્ય અને નૈમિત્તિક કર્મ જ આપણાં કર્ત્તવ્ય-કર્મોની રચના કરે છે. એ બન્ને મળી એ શબ્દ બને છે, જેને યોગેશ્વર શ્રીકૃષ્ણે નિયત કર્મના નામથી ઓળખાવ્યા છે.

આપણે આ ધરતી પર એક સ્વાર્થભર્યું જીવન જીવવા આવ્યા નથી; અર્થાત્ આપણી પાસે અપેક્ષા રાખવામાં આવે છે, કે આપણે આપણું કુટુંબ, જાતિ, સમાજ અને સંસાર, સૌના પ્રત્યેના આપણાં પોતાના કર્તવ્યોનું પાલન કરીએ, આપણે આનંદપૂર્વક અનાસક્તિના ભાવ સાથે નિયત કર્મો શ્રેષ્ઠ રીતે કરતા રહીએ, એમાંજ આપણી શોભા છે. કર્મ કરતાં બીજી પણ એક પ્રક્રિયા શરૂ થઈ જાય છે, આપણને આપણાં સંસ્કારો, દબાયેલી કામનાઓ તથા ભાવનાત્મક ગ્રંથિઓમાંથી મુક્તિ મળે છે. કર્મઠ જીવન આળસુ, નિષ્ક્રિય જીવનથી અનેક ઘણું શ્રેષ્ઠ છે. આપણે સમય વ્યર્થ ન ગુમાવતા ઉદ્યમપૂર્વક કર્મ કરતા રહીએ, એ જ ગીતાકારનો ઉપદેશ છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, કે શરીરની યાત્રા પણ કર્મ કર્યા વગર નહીં સધે. જીવનનો વ્યાપાર સંપૂર્ણ ઉદ્યમ પર ટકેલો છે. એટલા માટે નિષ્ઠાપૂર્વક નિર્ધારિત નિયત કર્મો કરતા રહેવું જ મનુષ્યની સર્વાંગી પ્રગતિનો આધાર બને છે. તમામ દેશો, કે જેઓ સમૃધ્ધ તથા વિકસિત કહેવાય છે, એ જ કર્મઠતાની ધરી પર ચાલીને એ સ્થિતિમાં પહોંચ્યા છે. જ્યાં પણ આળસ, પ્રમાદ, અકર્મણ્યતા છે, ત્યાં ચોક્કસ અવિકસિત અર્ધવિકસિત અને ઉછાંછળી સ્થિતિ છે. આ જ ઉદ્યમશીલતા આર્થિક મહાશક્તિ રૂપે સફળ થવાની ચાવી છે.

પરમ પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે કર્મ કરતાં રહેવાથી અને શારીરિક શ્રમથી કુસંસ્કારો કપાય છે. શારીરિક તંદુરસ્તી માટે સ્થૂળ તથા સૂક્ષ્મ એમ બન્ને દૃષ્ટિએ સક્રિય જીવન અનિવાર્ય છે. એટલા માટે તેમણે કાર્યકર્તાઓને સવારે જાગે ત્યાંથી સાંજ સુધી નિયત કર્મ કરવામાં લાગી રહેવાની પ્રેરણા આપી. શ્રમદાનના માધ્યમથી અહંકાર ગાળવાની આ પ્રક્રિયા દ્વારા સતત પોતાની સાધના તીવ્ર બનાવવાની વાત કહી. આપણે માટે પત્રલેખન, લોકસંપર્ક, શોધ પ્રધાન વિશેષ લેખન ગુરુ દ્વારા નક્કી કરાયેલ નિયત કર્મ છે, તો તેમાં શ્રમદાન નૈમિત્તિક કર્મ છે. જે આપણાં વ્યક્તિત્વ માટે ઉચ્ચ કક્ષાના વિકાસનો માર્ગ મોકળો કરે છે.

કર્મ કરતાં રહેવાથી અંતઃકરણની શુધ્ધિ થાય છે અને આપણને તેને યોગસાધના માની નિયમિત કરવું જોઈએ.

શ્રી અરવિંદ 'નિયતકર્મ'ની છણાવટ કરતાં લખે છે, કે આ શબ્દ પાછલા શ્લોક (સાતમા)ના **'નિયમ્ય'** શબ્દનું તાત્પર્ય લઈને વપરાયો છે. અર્થાત્ **મુક્ત બુધ્ધિ દ્વારા નિયત કરવામાં આવેલ નિષ્કામ કર્મ.**'**मनसा नियम्यारभते कर्मयोगम्**' આ ઉદાહરણ સાતમાં શ્લોકમાં આવ્યું છે. અર્થાત્ જે કોઈ મનથી ઇંદ્રિયોનું નિયમન કરતા કમેન્દ્રિયો દ્વારા કર્મયોગ કરે છે, એ જ શ્રેષ્ઠ છે.આગામી શ્લોકમાં '**नियतं कुरु कर्म त्वं**' ના માધ્યમથી તેનો સાર રજૂ કરવામાં આવ્યો છે. એ કોઈ વેદોક્ત યાજ્ઞિક અનુષ્ઠાન પ્રધાન નિત્યકર્મ તથા દિનચર્યા કરવા માત્રથી એનો અર્થ ન લેવો જોઈએ. આ શ્રેષ્ઠ પ્રકારનું નિષ્કામ કર્મ છે. જેની વ્યાખ્યા ગીતાકારે કરી છે.( ગીતા પ્રબંધ પાના નંબર-૧૧૫)

ગીતાનું શિક્ષણ ઉદ્દંડ નથી, લૌકિક સ્તરનું પણ નથી. ગીતાનું શિક્ષણ અત્યંત ગંભીર સ્તરનું તથા સૂક્ષ્મ છે. સર્વકાળ માટે છે અને તમામ મનુષ્યો માટે છે. ગીતા આપણું ધ્યાન બાહ્ય રૂઢિવાદ, સાંપ્રદાયિક માન્યતાઓના બંધન તોડી મૂળ સિધ્ધાંત તરફ ખેંચે છે. ગીતા વ્યવહારિક આધ્યાત્મનો ગ્રંથ છે, માત્ર દાર્શનિક સિધ્ધાંતો અને મતવાદનો ગ્રંથ નથી.

ગીતાના આ શિક્ષણને જે 'નિયત કર્મ'ની વ્યાખ્યાના માધ્યમથી બતાવવામાં આવ્યું છે. અગર તેને સારી રીતે સમજી લેવામાં આવે તો કર્મયોગનો કક્કો આપણી સમજમાં આવી જશે. એ કર્મ પછી કામનાથી મુક્ત થઈ કરવામાં આવશે. કોઈપણ ફળની અપેક્ષા રાખ્યા વગર પૂરું થશે. પરંતુ એવું થઈ શકે છે? પૂણ્ય સંચય, દેશસેવા, માનવસમાજની સેવા-સાધના પણ કર્મના પ્રેરણાદાયક કારણો હોઈ શકે. પછી કામનાથી મુક્તિ બની કર્મ કેવી રીતે થાય તેની વ્યાખ્યા આગલા શ્લોકમાં આપવામાં આવી છે, જ્યાં યજ્ઞ અર્થે કર્મ કરવાની વાત કહેવામાં આવી છે. તેમાં જ આસક્તિથી મુક્ત બની યજ્ઞના નિમિત્તે કર્મ કરવાની વાત ખૂબ જ વિસ્તારથી સમજાવી છે. પરંતુ અહીં પરમ પૂજ્ય ગુરુદેવની કલમના દૃષ્ટિકોણથી 'કર્મ' ના વિષયમાં થોડું ચિંતન રજૂ કરવામાં આવી રહ્યું છે. પરમ પૂજ્ય ગુરુદેવ નિયત કર્મની વ્યાખ્યા એવી જીવન ચર્યા રૂપે કરે છે, કે જેમાં આત્મકલ્યાણ અને લોકકલ્યાણ બન્ને કાર્યો પૂરા થાય છે. સાથે

સાથે નિર્વાહ અને કુટુંબના ભરણ પોષણમાં પણ કોઈને કોઈ મુશ્કેલીનો અનુભવ ન થાય, તેઓ લખે છે, કે આઠ કલાક કમાવવા માટે, સાત કલાક આરામ માટે પાંચ કલાક ઘરના કામ કાજ માટે યોગ્ય રીતે કાઢી શકાય, તો દરરોજ કુવો ખોદવો અને પાણી પીવાવાળાના નિર્વાહની જરૂરિયાત સારી રીતે પૂરી થઈ શકે છે, સાથે સાથે દરરોજ ચાર કલાકનો સમય સરળતાપૂર્વક સામાયિક પરમાર્થના કાર્યો પૂરા કરવા કાઢી શકાય. ‘જે પણ રજાનો દિવસ મળતો હોય, તેને યુગસર્જનના કાર્યમાં લગાવવાની વ્યવસ્થા બનાવીએ તો અનેક ઘણી વધારે સ્ફૂર્તિ અને સમયની સાર્થકતાનો આનંદ ઉઠાવી શકાય. પૂજ્ય ગુરુદેવની દૃષ્ટિમાં આ સમયદાન જ આ સમયનું નિયત કર્મ છે. યુગધર્મ છે.’

મહાપૂર્ણાહુતિની શક્તિએ પુસ્તકમાળાના ક્ર૦-૨૦ના રૂપે પ્રકાશિત પુસ્તક ‘સમયદાન જ યુગધર્મ’માં મહાકાળની અંશધર શક્તિએ લખ્યું છે, કે ‘યુગ પરિવર્તનના આ પરાક્રમમાં દુષ્પ્રવૃત્તિઓની નાબુદી અને શ્રેષ્ઠ પ્રવૃત્તિઓનો વિકાસ-વિસ્તાર આ બે જ મુખ્ય કાર્ય છે.’ તેને નિમિત્તે લગાવવામાં આવતું સમયદાન આ સમયનો યુગધર્મ છે. શ્રેષ્ઠ કર્મ છે-યજ્ઞ અર્થે કરવામાં આવેલું કર્મ છે.

## આપણું કર્મ યજ્ઞ નિમિત્તે જ હોય

ભગવાન કહે છે, કે કર્મ કામનાથી મુક્ત હોવું જોઈએ. તેને માટે યજ્ઞના અર્થે કર્મ કરવું જોઈએ. આગામી શ્લોક આ સત્યનો નિષ્કર્ષ રજૂ કરે છે કે-

**यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबंधनः।**
**तदर्थं कर्म कौन्तेय मुक्तसङ्गः समाचर॥ ३/९॥**

યજ્ઞ નિમિત્તે કરવામાં આવનારા કર્મો સિવાય બીજા કર્મોમાં લાગેલો આ માનવ સમુદાય કર્મોથી બંધાય છે. એટલા માટે હે અર્જુન! તૂં આસક્તિ રહિત થઈને સારી રીતે યજ્ઞ નિમિત્તે જ કર્મ કર.

રજૂ કરવામાં આવેલા આ શ્લોકમાં કર્મયોગનો મર્મ સમાયેલો છે. આ ઉદ્દેશ પૂરો થયા વગર નૈષ્કર્મ્ય સિધ્ધિ મળી જ શકતી નથી. યજ્ઞના વિપરિત ભાવથી કર્મ કરવું, અર્થાત્ અહંકારની ગાંઠને વધુ મજબૂત કરવી. યજ્ઞના ભાવથી કર્મ કરવું અર્થાત્ ભગવાનને સમર્પિત જીવન જીવવું અને આ ગાંઠને ક્રમબધ્ધ રીતે ઢીલી કરતા જવું અને અંતમાં મુક્ત થતા જવું.

શ્રીકૃષ્ણનો યજ્ઞ કર્મ કહેવાનો અર્થ છે, સમુદાય માટે, પરહિત માટે કર્મ કરવામાં આવે. આ જે યજ્ઞ છે, આ પૌરાણિક યજ્ઞને આપણે યુગોયુગોથી કરતા આવી રહ્યા છીએ. જે તેની બિલકુલ ભિન્ન વ્યાખ્યા કરે છે. સ્વાહા, સ્વાહા વાળા યજ્ઞનો મર્મ પણ આ જ છે, કે અમારું કર્મ સમષ્ટિના કલ્યાણ માટે હોય. પરમ પૂજ્ય ગુરુદેવે યજ્ઞની વ્યાખ્યા પરમાર્થ માટે કરવામાં આવેલ સર્વશ્રેષ્ઠ કર્મ રૂપે કરી છે. આ વ્યાખ્યા **यज्ञो वै श्रेष्ठतम् कर्मम्** રૂપે પણ પરિભાષિત થાય છે. દરેક ત્યાગી-બલિદાનીએ આ ભાવથી યજ્ઞ કર્યો છે, શહીદોએ કર્યો છે, કબીરે કર્યો છે, ગુરુ નાનકદેવે, મહર્ષિ દયાનંદે અને સ્વામી વિવેકાનંદે કર્યો છે. જે આપણે પોતાના માટે કરીએ છીએ. જે પોતાના સ્વાર્થને પૂરો કરવા માટે કરીએ છીએ, એ યજ્ઞ કર્મ કહેવાતું નથી. અગર એ કરતાં રહીશું તો આપણે બંધનોમાં જકડાતા જઈશું. **'लोकोऽयं कर्म बंधनम्:'**નો અર્થ આ જ છે,કે આ લોક માટે, પોતાની જાત માટે, પોતાના સ્વાર્થ માટે કરવામાં આવેલ કર્મ બંધનનું કારણ બને છે. આસક્તિ રહિત થઈને **'मुक्तसंङ्गः'** કરવામાં

આવેલું કર્મ મુક્તિનું નિમિત્ત બને છે. શ્રીકૃષ્ણ વિભિન્ન પ્રકારે આ નિષ્કર્ષ બતાવી અર્જુનને વારંવાર મોહનિંદ્રામાંથી જગાડવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. કયા કર્મો બંધનનું કારણ બને છે? એ કર્મ કે જેમાં આપણે પોતાના માટે પોતાની પત્નિ તથા બાળકો માટે, પોતાના મનોરંજન માટે, પોતાના સાધનો એકઠાં કરવા જીવીએ છીએ.

આપણાં કર્મો અગર સ્વાર્થથી પ્રેરિત છે, તો તે પોતાની પાછળ વાસનાઓ જ છોડશે, જે આપણાં જીવનમાં વધુને વધુ અતૃપ્તિ અને અશાંતિ ઉત્પન્ન કરશે. પરંતુ આજ કર્મો અહંકાર વગર અને અહં કેન્દ્રિત ઈચ્છાઓના માધ્યમથી કરવામાં આવે છે, તો તે વાસનાના ક્ષયનું કારણ બને છે. એટલા માટે યજ્ઞના ભાવથી '**इदं न ममः**' ના ભાવથી કર્મ કરવું અનિવાર્ય બતાવવામાં આવ્યું છે. જે કર્મ સહકારની ભાવનાથી કરવામાં આવે છે, તે કોઈ નવી વાસના પેદા કરતું નથી. એટલા માટે એ કર્મ યજ્ઞ નિમિત્તે કરવામાં આવેલ કર્મ કહેવામાં આવે છે અને એ જ વાસનાના ક્ષયનું કારણ બને છે.

ભગવાને અહીં 'યજ્ઞ'નો જે ભાવની સાથે નિષ્કર્ષ કાઢ્યો છે, તે ખૂબ જ વિરાટ-વ્યાપક અર્થમાં છે. યજ્ઞ માનવ માત્રના જીવન-યજ્ઞથી આરંભ થઈ સમગ્ર ઈકોસિસ્ટમ સુધી ફેલાયેલો છે. આપણે સમગ્ર બ્રહ્માંડમાં ચાલી રહેલી યજ્ઞ પ્રક્રિયાનો એક અંશ છીએ અને આપણાં કર્મો પણ છે. આપણાં કર્મો શોષણ માટે ન હોવા જોઈએ, ભોગ માટે ન હોવા જોઈએ. આપણાં કર્મો બીજાઓના કલ્યાણ નિમિત્તે હોવા જોઈએ. આજે આપણે જ્યાં પણ જોઈએ છીએ ત્યાં દોડાદોડી મચેલી જોવા મળે છે. લાગે છે કે સમાજમાં કર્મયોગીઓ વધી ગયા છે. અમેરિકા તથા જાપાન વગેરે સૌ કર્મયોગમાં તત્પર દેખાય છે, પરંતુ એ વાસ્તવિક કર્મયોગ નથી. પરમ પૂજ્ય ગુરુદેવના શબ્દોમાં આ કર્મ લાલચ છે. આ કર્મ-લોકહિત માટે નહીં ભોગ નિમિત્તે છે. આપણે આપણાં સ્વાર્થ માટે આપણા મિત્રોનું, માતાપિતાનું સમાજનું, રાષ્ટ્રનું, સૌનું દોહન કરીને અગર કર્મ કરતાં આગળ વધવા ઈચ્છીએ છીએ તો આ જીવન '**लोकोऽयं**' સમર્પિત છે, અર્થાત્ બંધનનું કારણ છે. યજ્ઞના અર્થે અર્થાત્ પરસ્પર સદ્ભાવ યુક્તકર્મ. આપણાં કર્મોથી આપણાં સમાજની, દેશની પ્રગતિ થાય, ઉન્નતિ થાય, ઉત્કર્ષ થાય, આ લક્ષ્ય હોય તો આપણું જીવન યજ્ઞમય છે. ખરી રીતે તો

કર્મ એક પ્રવાહ છે, જેમાં જીવનની સમગ્ર શક્તિ વહેતી રહે છે. આપણાં કર્મો દેશરૂપી શરીરની શિરાઓ છે. તેના એક છેડાથી બીજા છેડા સુધી જ્ઞાન સંપદા, વિદ્યા, ધન અટકે નહીં, અવરોધાય નહીં અને તે સમાજના નીચલા થરથી શિખર સુધી પહોંચે, પરસ્પર તાલમેળનો વિકાસ થાય, આ જ સમાજ યજ્ઞ-રાષ્ટ્રયજ્ઞ છે. બૌદ્ધિક સંપદા માત્ર શહેરો સુધી જ મર્યાદિત ન રહે, પરંતુ તે ગામડે ગામડે તથા જનજન સુધી પહોંચે. ઋષિઓના જીવનકાળ દરમ્યાનની વ્યવસ્થાની પુનરાવૃત્તિ થાય. તેને માટે પ્રવાહની એક વ્યવસ્થા બને એનું નામ છે યજ્ઞ.

ભારતીય સંસ્કૃતિ આધ્યાત્મિક સંસ્કૃતિ છે, દેવસંસ્કૃતિ છે, યજ્ઞની સંસ્કૃતિ છે. આપણે તેનો ક્યાંયથી પણ આરંભ કરીએ, આપણે તેના થકી ઈશ્વર સુધી, સંસ્કૃતિના કેન્દ્ર સુધી સીધા જઈ પહોંચીએ છીએ. આપણી સંસ્કૃતિના પુરોહિતો કહે છે કે-

**परहित सरिस धर्म नहिं भाई, परपीड़ा सम नहिं अधमाई ॥**

આજ આપણી યજ્ઞની સંસ્કૃતિનો પ્રાણ છે. શ્રીકૃષ્ણ જ્યારે અર્જુનને કહે છે કે યજ્ઞના અર્થે કર્મ કરો, આસક્તિથી મુક્ત થઈને કર્મ કરો તેમનો આશય આજ છે, કે પોતાના માટે નહીં બીજાઓ માટે જીવો. શ્રીકૃષ્ણ પોતાના વીરસખા-પોતાના શિષ્યને, પોતાના તમામ કર્મો યજ્ઞની ભાવનાઓ સાથે શરૂ કરવાની સલાહ આપે છે. '**तदर्थं कर्म कौन्तेय मुक्तसङ्ग समाचर**' તો તેની પાછળ લક્ષ્ય એ જ છે, કે અર્જુન એ કર્મો કુશળતા પૂર્વક કરે તથા તે આસક્તિ રહિત બનીને કરે. આજના નવયુવાનોમાં રાષ્ટ્રીય ભાવનાનો અભાવ દેખાય છે. આ કારણે જ તેઓ દેશ માટે સમર્પણ ભાવથી કર્મ કરવા પ્રેરિત થઈ શકતા નથી. તેઓ પોતાના માટે કર્મયોગી બની પ્રતિભા પલાયન ધ્વારા રાષ્ટ્રની શક્તિના ક્ષયનું કારણ બને છે. સ્વાભાવિક રૂપે જ આપણાંને આજે ચારે તરફ લજ્જાવિહીન ઘમંડ,તેની શુદ્ર કામનાઓની વ્યાપક ક્રીડા તથા તેની પ્રતિક્રિયાઓના દર્શન થાય છે. નવમો આ વિલક્ષણ શ્લોક આપણાંને આજના સમાજની તમામ સમસ્યાઓનું નિરાકરણ પણ સૂચવે છે.

પરમ પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે સમાજ માટે કરવામાં આવતા આપણાં દરેક કર્મો ભલે તે સ્વયં સેવકના ભાવથી કરવામાં આવી રહ્યા હોય અથવા પોતાના અંગત પ્રયોજનને વશ થઈ કરવામાં આવ્યા

હોય,પરંતુ યજ્ઞના ભાવથી કરવામાં આવે, સાથે સાથે કુશળતાપૂર્વક કરવામાં આવે. આ જ રાષ્ટ્રીય ચારિત્ર, અને સાચી સમાજ સેવા છે. કર્મમાં કુશળતા અનાસક્તિ, સૌંદર્ય પેદા કરી દે છે, સાથે સાથે તે આપણી યોગ્યતા વધારી વ્યક્તિત્વનો વિકાસ કરે છે. આપણે ભલેને જ્ઞાનયજ્ઞમાં લાગ્યા હોઈએ, કે ઘરેઘર પૂજ્ય ગુરુદેવના વિચારો પહોંચાડી રહ્યા હોયીએ અથવા રચનાત્મક કર્મોમાં શક્તિ લગાવી રહ્યા હોયીએ, તેમાં યશની કામના ક્યારે પણ ન રાખો, કર્મફળની ચિંતાથી વ્યગ્ર ન બનો, બસ કર્મ કરતા રહો. આજ સાચો કર્મયજ્ઞ છે.

યજ્ઞની વાત આગળ વધારતા ભગવાન કહે છે, કે-

**सहयज्ञाःप्रजाःसृष्ट्वा पुरोवाच प्रजापतिः।**
**अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक्॥**
**देवान्भावयतानेन ते देवा भावयन्तु वः।**
**परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्यथ॥**
**इष्टान्भोगान्हि वो देवा दास्यन्ते यज्ञभाविताः।**
**तैर्दत्तानप्रदायैभ्यो यो भुङ्क्ते स्तेन एव सः।**
**यज्ञशिष्टाशिनः संतो मुच्यन्ते सर्वकिल्बिषैः।**
**भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात्॥**

**(ગીતા-૩/૧૦/૧૧/૧૨/૧૩)**

પ્રજાપિતા બ્રહ્માજીએ કલ્પના આરંભનાં સમયમાં પ્રજાઓ વડે યજ્ઞના માધ્યમથી સૃષ્ટિની રચના કરી. તેમને કહ્યું કે એનાથી તમે લોકો વૃધ્ધિ કરો-લાભ મેળવો. આ યજ્ઞ તમારી તમામ ઈચ્છાઓને પૂર્ણ કરનારો હોય. એનાથી તમે લોકો દેવતાઓનું પોષણ કરો અને દેવતાઓ તમારું પોષણ કરે. પરસ્પર પાલન કરતાં નિસ્વાર્થ ભાવથી પ્રગતિ કરતાં તમે સૌ ખૂબજ શ્રેય પ્રાપ્ત કરશો. યજ્ઞથી પુષ્ઠ થયેલા દેવતા વગર માંગે ઈચ્છિત ભોગ પ્રદાન કરતા રહેશે. જેઓ તેમના દ્વારા આપવામાં આવેલ ભોગોને ભોગવે છે અને તેઓ એમને આપતા નથી તે ચોર જ છે. જે શ્રેષ્ઠપુરુષ યજ્ઞથી બચેલા અન્નનું ભક્ષણ કરે છે, તે બધા જ પાપમાંથી મુક્ત બની જાય છે. પરંતુ તેઓ પાપી છે અને પાપનું ભક્ષણ કરે છે,કે જેઓ પોતાના માટે રસોઈ બનાવે છે.

પ્રથમ દૃષ્ટિએ આ યજ્ઞ કે જેની અહીં ચર્ચા કરવામાં આવી છે, તે

કોઈને પણ કર્મકાંડાત્મક, પરંપરાગત તથા ધાર્મિક યજ્ઞ જેવો લાગી શકે છે. આ યજ્ઞ માત્ર વૈદિક યજ્ઞ નથી. ચોથા અધ્યાયમાં પણ આ યજ્ઞ શબ્દની ખૂબ જ સુંદર ઉપદેશાત્મક વ્યાખ્યા આપવામાં આવી છે. પરંતુ તેને સંદર્ભમાં લીધા વગર પણ અગર આપણે તેને સમજવાનો પ્રયત્ન કરીએતો તેનાથી 'યજ્ઞ' શબ્દની વ્યાપકતાનો ખ્યાલ આવી શકે છે. ભગવાન કહે છે, કે ''યજ્ઞ કર્મથી ઉત્પન્ન થાય છે. કર્મ બ્રહ્મથી તથા બ્રહ્મ અક્ષરથી, આ રીતે સર્વવ્યાપ્ત તથા બ્રહ્મયજ્ઞમાં પ્રતિષ્ઠિત છે.'' આ જટિલ તથ્યને થોડીક સરળતા તથા શ્લોકોના ભાવાર્થ સાથે સમજવાનો પ્રયત્ન કરીશું.

અર્જુન યજ્ઞના ભાવથી કર્મ કરવાના સિધ્ધાંતનો સ્વીકાર કરી શકે, એટલા માટે શ્રીકૃષ્ણ એ બતાવવાનો પ્રયત્ન કરી રહ્યાં છે, કે આ પ્રકૃતિનો સાર્વભૌમ નિયમ છે અને તેણે એનો સ્વીકાર કરવો જ જોઈએ. ઈકોલોજીનું ચક્ર એક પ્રકારે સમષ્ટિગત યજ્ઞની પ્રક્રિયાજ છે. પ્રકૃતિ ગ્રહ નક્ષત્રોથી લઈને નદીઓ, સમુદ્ર સુધી સર્વત્ર યજ્ઞના ભાવથી જ સંસારની સેવામાં તલ્લીન છે. સૂર્ય ગરમી વરસાવે છે, પ્રકાશનું વિતરણ કરે છે, પરંતુ તે કોઈ પ્રશંસાની અપેક્ષા રાખતો નથી. સમુદ્ર તપે છે, વાદળો બને છે. વાદળો હિમાલય સાથે અથડાઈ વરસે છે અને ચારે બાજુ લીલોતરી છવાઈ જાય છે. વધારાનું પાણી નદીઓમાં વહેવા લાગે છે. નદીઓ અંતમાં સમુદ્રમાં વિલીન થઈ જાય છે. આ રીતે પ્રકૃતિ જગતમાં એક બીજા સાથે જોડાયેલું સુવ્યવસ્થિત ચક્ર ચાલી રહ્યું છે. અગર તેમાંથી કોઈપણ પ્રવાહ અવરોધાય તો. સમુદ્ર દ્વારા બાષ્પીભવન થવાનો ક્રમ અટકી જશે ,નદીઓ નહીં વહે તથા સમુદ્ર પણ સુકાય જશે. પ્રકૃતિનું સમગ્ર સૌંદર્ય યજ્ઞમય સૃષ્ટિની નિરાળી અભિવ્યક્તિ છે.

દસમાં શ્લોકમાં આ વાત સ્પષ્ટ રૂપે સમજાવવામાં આવી છે, જે એક દાર્શનિક કવિ વેદવ્યાસના માધ્યમથી શ્રીકૃષ્ણના મુખેથી કહેવામાં આવી છે. પ્રજાપતિએ પ્રાણીઓ ઉત્પન્ન કરવાની સાથે મનમાં યજ્ઞનો ભાવ પણ રાખ્યો અને એ સમયે સૃષ્ટિને ફળવા ફૂલવા '**अनेन प्रसविष्यध्वम्**' માટે પોતાની શ્રેષ્ઠ અને ઉચ્ચ કૃતી, સર્વોત્તમ રચના મનુષ્યને સોંપી દીધી. મનુષ્ય જાતિ અગર સામૂહિકતા દર્શાવતા પર્યાવરણના રક્ષણ નિમિત્તે યજ્ઞની ભાવના દ્વારા તથા નિસ્વાર્થ ભાવથી

પુરુષાર્થ કરે, તો તે ઈચ્છિત ભોગ પ્રદાન કરે છે. '**एस वोऽस्त्विष्टकामधुक**' હળીમળીને કામ કરવાનો આનંદ જ અલગ છે, પરંતુ તેને માટે યજ્ઞના અર્થે જીવવું, પોતાના અહંકારને અને વ્યક્તિગત મનોકામનાને ત્યાગવી પડશે. પરમ પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે ટીમભાવથી જ જીવન યજ્ઞ સધી શકે છે. અગર ટીમમાં કોઈ પોતાની ઈચ્છાઓ પૂરી કરવા માટે લલચાઈ તો એ કામમાં તાલમેળ નહીં રહે અને ટીમની હળીમળી કામ કરવાની યોજના નિષ્ફળ થઈ જાય છે. દેશ નિર્માણ હોય, પરિવાર નિર્માણ હોય, કે ભલે તે વ્યક્તિ નિર્માણ હોય. આ બધી જ જગ્યાએ આ જ સિધ્ધાંત લાગૂ પડે છે.

શ્લોકના ભાવાર્થથી એવું લાગી શકે છે,કે અગર માનવી સહકારાત્મક પુરુષાર્થ ખેડે પણ છે, તો ક્યાંય કોઈ પ્રતિકુળતા અવરોધ રૂપ તો નહીં બનેને. કારણ કે પ્રાકૃતિક શક્તિઓ આદેશ ન પણ માને, એટલા માટે કે તેની ઉપર આપણું નિયંત્રણ નથી, તો કેવી રીતે સફળતા મળશે. ત્યારે આગલા અગીયારમાં શ્લોકમાં આપણાં ગીતાકાર કહે છે, કે 'આ યજ્ઞથી તમો દેવતાને પ્રસન્ન કરો, બદલામાં દેવતા તમોને સમૃધ્ધિ પ્રદાન કરે. આ રીતે એકબીજાને ઉન્નત (પુષ્ટ) કરતાં તમે પરમ શ્રેયને તથા ઈચ્છિત લક્ષ્યને પ્રાપ્ત કરશો. એ સ્પષ્ટ સમજી લેવું જોઈએ કે આ બ્રહ્માજીની વાણી છે, જેનો યોગેશ્વર શ્રીકૃષ્ણે અહીં ઉલ્લેખ કર્યો છે. તેમનો કહેવાનો આશય એ છે, કે જ્યારે મનુષ્ય યજ્ઞની ભાવનાથી કર્મ કરે, તો બાહ્ય જગતમાં ચમત્કારી પરિવર્તન આવી જાય છે. જ્યારે આપણે સામૂહિક રૂપે પ્રયત્નશીલ બનીને બાહ્ય પ્રાકૃતિક શક્તિઓને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે તે પણ બદલામાં આપણું કલ્યાણ જ કરે છે. શરત માત્ર એક જ છે, કે આપણે આ બધા ઉપચાર ધર્માનુષ્ઠાન કર્તવ્ય-કર્મ નિઃસ્વાર્થ ભાવથી કરીએ. સાથે સાથે એકબીજાને ઉન્નત કરતાં **परस्परं भाव यंतः** આપણે પરિશ્રમ ખેડવો જોઈએ. નહીં કે 'સ્વ' અને સ્વજનોને લક્ષ્યમાં રાખી. શ્રેયની પ્રાપ્તિ એક દૈવી વિધાન છે. અગર જો યજ્ઞના ભાવથી સામૂહિક પુરુષાર્થ કરવામાં આવી રહ્યો છે, આ સામૂહિક પુરુષાર્થ-કર્મ ન માત્ર સ્થૂળ-પરંતુ સૂક્ષ્મ પર્યાવરણના-વાતાવરણનું કે જેમાં શુધ્ધિકરણ, પુષ્ટિ માટે કરવામાં આવી રહ્યું છે.

આજના પર્યાવરણની સમસ્યાના સમયમાં સ્થૂળ જગતમાં ચારે બાજુ પ્રદૂષણ તો વ્યાપેલું જ છે, સાથે સાથે વિચારો તથા શ્રધ્ધાઓમાં પણ તેનું વિષ વ્યાપી ગયું છે. જે આપણે દુષ્કાળ, રોગચાળો, અકાળ મૃત્યુના પુર રૂપે તેનું પ્રતિફળ ભોગવી રહ્યા છીએ. અગર તેનું કોઈ નિરાકરણ છે, તો તે એ છે, કે યજ્ઞમય જીવન, જે આપણાંને અર્થના માધ્યમથી જીવન જીવવાની કલા ધ્વારા ત્રણ પ્રગતિ કરવાનું શિખડાવે છે. 'યજ' ધાતુ જેનાથી યજ્ઞ શબ્દ બન્યો છે, દેવપૂજન, સંગતિકરણ અને દાન ત્રણ અર્થ દ્વારા આપણાંને સમજાવે છે, કે આ સૃષ્ટિમાં આપણાં જે કાર્યો છે, તે કેવી રીતે પૂરા થશે. વૈદિક, સંસ્કૃતિની આ જ વિશેષતા છે, કે જે આજીવનને સંપૂર્ણ રૂપે પરિભાષિત કરે છે. દેવપૂજન અર્થાત્ આપણાં વ્યક્તિત્વને શોભાવનાર દેવવૃત્તિઓનું શુધ્ધિકરણ, આપણાં વ્યક્તિત્વ નું સુનિયોજન, આપણે સારા કર્મો કરતા યજ્ઞમય જીવન જીવીએ સંગતિકરણ અર્થાત્ સામૂહિકતાના-સહકારિતાના ભાવથી '**संगच्छध्वं**'ની ભાવના સાથે કર્મ. દાન અર્થાત્ પરમાર્થ પરાયણતા, ઉદારતા, શ્રેષ્ઠ આશયથી આપવાનો ભાવ. અગર આ બધુ ચિંતન જે આપણાંને પરમ પૂજ્ય ગુરુદેવે આપ્યું છે, તે આપણાં મનમાં-મગજમાં રહેશે, તો આપણું દરેક કર્મ દિવ્ય હશે, વિશેષતાથી ભરેલું હશે. આપવાનો ભાવ આવતાં જ સંપૂર્ણ અહંભાવ, તૃષ્ણા અને મોહાંધ બનાવી દેનારી વાસના, જે બંધનનું કારણ બને છે, તે સમાપ્ત થતા જશે.

## શિક્ષણ યજ્ઞ કર્મ રૂપે જીવન જીવવાનો મર્મ

યોગેશ્વર શ્રીકૃષ્ણે અગિયારમાં શ્લોકમાં, જે **परस्परं भाव यंतः**ની વ્યાખ્યા કરી છે. તેમાં એ બતાવવામાં આવ્યું છે, કે એક બીજાને આગળ વધારતા, ઉંચે ઉઠાવતા બધા જ કર્મો કરવામાં આવે. એકવાર ફરીથી એ શ્લોકને સમજી લેવામાં આવે.

**देवान्भावयतानेन ते देवा भावयन्तु वः।**
**परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्यथ॥ ३/११॥**

અર્થાત્ ''તમે લોકો યજ્ઞ દ્વારા દેવતાઓને ઉન્નત કરો અને દેવતા તમને ઉન્નત બનાવે. આ રીતે નિઃસ્વાર્થ ભાવે **એકબીજાને ઉન્નત બનાવતા** તમારા લોકોનું ખૂબજ કલ્યાણને થશે.''

એક આદેશની જેમ આ શબ્દો બ્રહ્માજીના મુખથી કહેવડાવામાં આવ્યા છે. મનુષ્ય અથવા તેના સમુદાય ધ્વારા જ્યારે અહંકારના ભાવ વગર અને અહંની આસપાસ કેન્દ્રિત કામનાઓથી પ્રયત્ન કરવામાં આવે છે, ત્યારે કુદરતી શક્તિઓ પણ, કે જેનાથી મળી આપણું વાતાવરણ બન્યું છે, એ સમાજને પોતાનો પૂરેપૂરો સહકાર આપવા લાગે છે. અર્થાત્ યજ્ઞના ભાવથી કર્મ કરવામાં આવે તો બાહ્ય વાતાવરણમાં પણ ચમત્કારી પરિવર્તન આવી જાય છે અને વાતાવરણ પણ આપોઆપ એવું જ ઢળવા લાગે છે.

બાહ્ય પ્રાકૃતિક શક્તિઓજ દેવશક્તિઓ રૂપે આપણી આસપાસ વિદ્યમાન છે. એ પ્રસન્ન થવાથી બદલામાં આપણું કલ્યાણ કરે છે. શ્રેષ્ઠ પ્રયોજન માટે સમૂહ રૂપે એકી સાથે સક્રિય બનેલા સમગ્ર સમાજને પોતાની પ્રબળ આકાંક્ષાઓ પૂરી કરવા માટે સશક્ત સહકાર અને રક્ષણ પુરું પાડે છે. આ એક દેવી વિધાન પણ છે તથા એક સાર્વભૌમ સત્ય પણ છે, સાથે સાથે એક વૈજ્ઞાનિક વાસ્તવિકતા પણ. ખરેખર તો તમામ જીવોમાં વ્યાપ્ત ભગવાન શ્રી મહેશ્વર જ પ્રકૃતિના સમગ્ર કર્મો, યજ્ઞ અને તપના ભોક્તા છે. ( **भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम्** ) અને આજ ભગવાન નિત્ય યજ્ઞમાં વિરાજમાન પણ છે. આ ભગવાનને જાણવા તથા સમજવા એજ સાચું વૈદિક જ્ઞાન છે. ભગવાન શ્રીકૃષ્ણ અહીં એ જ જ્ઞાન કરાવવા માટે અર્જુનને યજ્ઞની વ્યાખ્યા આત્મસાત કરાવી રહ્યા છે. આ ભગવાનને

દેવશક્તિઓ તથા મનુષ્ય વચ્ચે બનતા રહેતાં પરસ્પર વ્યવહારના રૂપે પણ જાણી શકો. ભગવાન શ્રીકૃષ્ણે ૧૧માં શ્લોકમાં આ જ વાત સમજાવી છે. તેઓ વારંવાર કર્મનું વિધાન સમજાવી રહ્યા છે, કે જીવન અને કર્મોનો સારતત્વ યજ્ઞને જ જાણી મનુષ્ય સંતુષ્ટ થાય. યજ્ઞાવશેષને પ્રાપ્ત કરી તૃપ્ત થાય. જે આ વિધાનની વિરૂધ્ધ ચાલે છે અને પોતાના વ્યક્તિગત સ્વાર્થની સિધ્ધિ માટે જ કર્મ કરે છે, ભોગ કરે છે, એ વ્યર્થ જ જાય છે.

પ્રતીકાત્મક રૂપે ભગવાન એ સમજાવી રહ્યા છે, કે યજ્ઞ અંતમાં તો ત્રણ લોકમાં વિદ્યમાન દેવતાઓના માધ્યમથી પરમાત્માને જ આનંદ પહોંચાડે છે. ભૂ:લોક-પૃથ્વીલોક, ભૂવ:લોક-દેવલોક અને સ્વ:લોક-અંતરિક્ષ જગત. એ જ રીતે મનુષ્ય શરીરની અંદર જોઈએ તો શરીર ભૂ:લોક, જીવ ભૂવ:લોક તથા મન સ્વ:લોક. આ રીતે આપણે ન માત્ર પોતાની આસપાસના વાતાવરણને યોગ્ય તથા પોતાની અનુકૂળ બનાવીએ છીએ પરંતુ પોતાના વ્યક્તિત્વના વિભાજનને રોકી તેને વ્યવસ્થિત બનાવીએ છીએ. અગર કર્મો સારા છે અને યજ્ઞના ભાવથી કરવામાં આવ્યા છે, તો વ્યક્તિત્વ સ્વચ્છ, વ્યવસ્થિત, તણાવમુક્ત અને આનંદયુક્ત બનતું જશે. ભગવાન કૃષ્ણ વારંવાર કહે છે, કે અર્જુન તૂં યુધ્ધ કર, આ પણ યજ્ઞના ભાવથી કરવામાં આવેલ કર્મ છે. પરમ પૂજ્ય ગુરુદેવે આપણાંને વિચારક્રાંતિ અભિયાનનું સુકાન થમાવી દઈ એ કહીં દીધું કે આ જ આજનો યુગધર્મ છે અને યજ્ઞના ભાવથી કરવામાં આવનાર કર્મ છે. પરમ પૂજ્ય ગુરુદેવે બાહ્ય કર્મકાંડી યજ્ઞ કરતાં યજ્ઞ જેવું જીવન જીવવા પર વધારે ભાર મૂક્યો અને વારંવાર કહ્યું છે, કે '**इदम् न मम:**'નો ભાવ રાખી કર્મ કરતા રહો. પૂજ્ય ગુરુદેવે આપણી યુગનિર્માણ યોજના સાથે જોડાયેલા તમામ કાર્યોને યુગયજ્ઞ, જ્ઞાનયજ્ઞ જેવું નામ આપ્યું છે.

(પ્રજ્ઞા અભિયાન નવે. ડિસે.૧૯૮૨ પાના નંબર-૪૬)

ભગવાન અગામી શ્લોકમાં કહે છે, કે ''યજ્ઞ ધ્વારા તૃપ્ત થયેલા દેવતા નિશ્ચિત તમને લોકોને વગર માંગે ઈચ્છિત ભોગ(ફળ) આપતા રહેશે. આ રીતે દેવતાઓ ધ્વારા આપવામાં આવેલ ભોગને તેમને વહેંચ્યા વગર સ્વયં ભોગવે છે. ખાય છે અને તેમને આપતો નથી, તે ચોર છે. યજ્ઞમાંથી બચેલ અન્નને ખાનારો શ્રેષ્ઠ પુરુષ બધા જ પાપોમાંથી મુક્ત બની જાય છે અને જે પાપી લોકો પોતાના શરીરનું પોષણ કરવા માટે જ

અનાજ રાંધે છે, તેઓ તો પાપને જ ખાય છે.''

(શ્લોક ૧૨,૧૩,અધ્યાય-૩)

અનેક વ્યક્તિ ધ્વારા કરવામાં આવેલ પરિશ્રમના ફળ સ્વરૂપે પ્રાપ્ત થયેલા લાભને કોઈ એક વ્યક્તિ ઝુંટવી લેવાનો પ્રયત્ન કરે તો (**तैर्दत्तानप्रदायैभ्यो यो भुङ्क्ते**) તો ભગવાનના કથન અનુસાર એવી વ્યક્તિને ચોર જ કહેવી જોઈએ. (**स्तेन एव सः**) (૩/૧૨ની બીજી લીટી). સમર્પિત સંયુક્ત પ્રયત્નોના પરિણામ સ્વરૂપે પ્રાપ્ત થયેલ ધન અથવા ચીજવસ્તુઓમાંથી તમામનું એક સરખું વિતરણ થવું જોઈએ. આ શ્રીકૃષ્ણનો આધ્યાત્મિક સામ્યવાદ કહે છે. સંભવ છે, કે આ આઠમા અવતારે બાલ્યાવસ્થામાં જ આ ભાવની સાથે બાળગોવાળો સાથે મળી કંસનીતિ વિરુધ્ધમાં સત્યાગ્રહ કર્યો. તેના રાજ્યમાં કાયદો બનાવવામાં આવ્યો હતો કે રાજ્યનું તમામ દૂધ, દહીં, માખણ રાજના રાજાને મળવું જોઈએ. તેમણે આ સત્યાગ્રહ ધ્વારા એક ઉદાહરણ રજૂ કર્યુ અને તેના ધ્વારા તેમણે આ સમાજમાં કોઈને કોઈનું શોષણ કરી જીવવાનો અધિકાર નથી એ સાબિત કરી બતાવ્યું. સામૂહિક લાભને હજમ કરી જનારા લૂંટારા, પાપી, અધમને ઘૃણાસ્પદ જ સમજવા જોઈએ. આ જ અહીં યોગેશ્વર કૃષ્ણનો મત છે.

પરમપૂજ્ય ગુરુદેવનો સતયુગી સમાજ પણ આ સત્યનું વિવેચન કરે છે. તેઓ વારંવાર લખે છે, કે યજ્ઞમય જીવન જીવવા વાળા સમાજમાં ન કોઈ નાનું હશે, ના કોઈ મોટું. સૌને કુદરતની સમસ્ત શક્તિઓનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાનો યોગ્ય અધિકાર હશે. જબરદસ્તીથી શોષણ કરવું કે ઉપભોગ કરવાની નીતિથી ત્યારે મુક્તિ મળશે, કે જ્યારે એવો માનવ સમુદાય પ્રકૃતિ પ્રકોપો ધ્વારા દંડિત થશે. તેમણે ૧૯૮૮ની નવેમ્બર માસની અખંડ જ્યોતિમાં યુગસંધિ મહાપુરશ્ચરણ નો ઉદ્‌ઘોષ કર્યો હતો, તેમાં પૂજ્ય ગુરુદેવ લખે છે, કે એકતા અને સમાનતાના સિધ્ધાંતો પર ''નવયુગની, એકવીસમી સદીની સંપૂર્ણ વ્યવસ્થા નક્કી થશે, દરેક વિસ્તારમાં, દરેક પ્રસંગે એની જ પ્રશંસા થતી દૃષ્ટિગોચર થશે.'' **''વસુધૈવ કુટુમ્બકમ્''**નો આદર્શ હવે સમાજવાદ-સમૂહવાદ-સંગઠન-એકીકરણનું વિધાન બની સમયની અનુરૂપ આરંભ થશે.''**(પાના નંબર-૫૨-૫૩)**

આજના આ ઉપભોગવાદથી ભરેલા યુગમાં શ્રીકૃષ્ણનો આદર્શવાદ

તથા પરમ પૂજ્ય ગુરુદેવની સતયુગની કલ્પના કેટલી યુગની અનુકૂળ છે તે સારી રીતે સમજી શકાય તેમ છે. યોગેશ્વર કૃષ્ણના વિચારોના ઉલંઘનનું પરિણામ એ આવ્યું છે, કે આજે સમગ્ર વિશ્વમાં કુદરતી પ્રકોપોનું પૂર ઉમટ્યું છે. સુધારની સાથે કહેવાતી પ્રગતિની આંધળી દોડમાં આડેધડ દોડતા મનુષ્યને જાતજાતનો ત્રાસ વેઠવો પડી રહ્યો છે. આજે આપણે રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ ખેંચતાણનું જે કૌતુક જોઈ રહ્યા છીએ, તે એનું જ પરિણામ છે, કે મનુષ્યે પ્રકૃતિ યજ્ઞમાં તો ભાગીદારી કરી છે, પરંતુ દૈવી શક્તિઓને તેનો હિસ્સો આપ્યો નથી, '**सर्वतोभावेन**' જીવન જીવ્યું નથી, માત્ર ઉપભોગને ઉપભોગ જ કર્યો છે. પશ્ચિમનો ઉપભોક્તાવાદ-વૈશ્વીકરણની પ્રક્રિયા ધરતીના શોષણથી શરૂ થઈ મનુષ્યના અંતરાળ સુધી પહોંચી ગઈ છે અને એવા પુરુષોની સંખ્યા વધી રહી છે, જે સુપાત્રને,કે જેમનું લેણું છે, તેમને આપ્યા વગર સ્વયં ઉપભોગ કરી રહ્યાં છે. એના કારણે જ સંવેદનાહીન નિષ્ઠુર સમાજ જ ફૂલેફાલે છે. તે કેવો હોય છે, એ આજના સમયમાં આંખો ખોલી ચારે બાજુ નજર દોડાવવાથી સારી રીતે જોઈ શકાય છે.

તેરમો શ્લોક કે જેમાં કહેવામાં આવ્યું છે, કે જે વ્યક્તિ ચોરીને ખાય છે, છુપાવીને ખાય છે, 'અતિથિ દેવોભવ'ની ઉપેક્ષા કરી ખાય છે, એ ચોરીનું અન્ન ખાય છે, અત્યંત અધિક ગૂઢ રહસ્યોવાળું અને કાવ્યના લાલિત્યનું એક અનુપમ ઉદાહરણ છે. કહેવામાં આવે છે, કે 'યજ્ઞ' કર્મથી બચેલો અવશેષ સૌને સમાન રૂપે વહેંચી દેવામાં આવે છે. યજ્ઞની પ્રક્રિયામાં બધા જ પદાર્થો એક પ્રકારે વહેંચી દેવા નિમિતે જ હોમવામાં આવે છે. હવિષ્ય સામગ્રી બાષ્પીભવન બની ધુમાડામાં પરિવર્તન પામી વાતાવરણમાં ફેલાય જાય છે. જે બચે છે, તેમાં યજ્ઞની ભસ્મ રૂપે તમામ 'એલ્કેલૉઈટ્સ' તથા અન્ય ખનિજ તત્વો સમાયેલા હોય છે. આ ભસ્મમાં પણ ખૂબ જ ગુણ સમાયેલા હોય છે. યજ્ઞકાર્યમાં તમામ યાજકોને પ્રયુક્ત થતા ઘીના અવશેષને પણ પોતાના શરીર પર લગાડવા માટે આપી દેવામાં આવે છે. ભસ્મને કપાળ (લલાટ), કંઠ, જમણી ભુજા અને હૃદય પર લગાડવામાં આવે છે. ચરુ અથવા અન્ય મિષ્ઠાન વગેરે જે પણ પ્રસાદ રૂપે બચે છે, તેને સૂર્યાર્ધ્યદાન પછી સૌને વહેંચી દેવામાં આવે છે. શું આ જ કર્મકાંડ પ્રધાન યજ્ઞ છે? 'સર્વતોભાવેન સમર્પણ' જ જે કર્મકાંડનો

ઉદ્દેશ છે, તે શું માત્ર ક્રિયા સુધી જ મર્યાદિત રહેશે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે,કે ના,તે શરીરના શ્વાસો શ્વાસમાં પણ સમાયેલો રહેવો જોઈએ. આ ગુઢ તત્વદર્શન સમજ્યા વગર આપણે '**मुच्यंते सर्वकिल्बिषैः**'ના મર્મને નહીં સમજી શકીએ, જેમાં યાજકને તમામ પાપોમાંથી મુક્તિની વાત કહી છે.

ભગવાન કૃષ્ણ કહે છે, કે સંત લોકો યજ્ઞાવશિષ્ટ( યજ્ઞ અવશેષ ) જ ગ્રહણ કરે છે-( **यज्ञशिष्टाशिनः संतो** ) તો તેમનો કહેવાનો આશય છે, કોઈપણ નિષ્ઠાવાન મનુષ્ય સમુદાયમાં શ્રેષ્ઠ વ્યક્તિ-સજ્જન લોકો સહકારના ભાવથી જીવતા ફળની ઉત્પતિ કરી ન માત્ર ઉન્નતિ કરે છે, પરંતુ તેઓ કોઈ વ્યક્તિગત ઈચ્છાઓ રાખ્યા વગર તેના ફળને સમાન રૂપે વહેંચી પણ દે છે. આવી વ્યક્તિઓ જ સતત સમાજનું ઋણ ચુકવતા જ રહે છે. અર્થાત્ તેઓ સામાજિક ચોરીના ગુનાથી બચે છે તથા અહં કેન્દ્રિત કોઈ ઈચ્છાઓ વગર નિશ્ચિત કર્મો પૂરા કરતા રહે છે. જેથી તેઓ દરેક ક્ષણે વાસનાઓનો ક્ષય કરી જીવનની મુક્તિની અને લક્ષ્ય પ્રાપ્તિની સિધ્ધિ પણ મેળવે છે. આવું જીવન જીવવું હિન્દુ સમાજવાદની નીતિ અનુસાર શ્રેષ્ઠ જીવન શૈલી છે અને આ જ ભારતીય સંસ્કૃતિનો આદર્શ પણ છે.

ભારતીય અધ્યાત્મ કહે છે, કે પૃથ્વી આપણી માતા છે. અમો પૃથ્વીના પુત્ર છીએ.( **माता भूमिः पुत्रोऽहं पृथिव्याः** ) આવી સ્થિતિમાં સામૂહિક પરિશ્રમમાં જ આપણાં સૌનું હિત સમાયેલું છે. ભગવાન કૃષ્ણ કહે છે કે જેઓ પોતાની રસોઈ જાતે રાંધે છે અને તે જમી લે છે, તે પાપી છે અને પાપનો જ ઉપભોગ કરે છે. આ કાવ્યમાં રૂપકની પરાકાષ્ઠા વાળો આ શ્લોક ખૂબ જ અદ્ભુત છે અને તેનો અર્થ પણ તેમાં સમાયેલો છે.'પૂર્વાધમાં ભગવાન કહે છે, કે જે યજ્ઞના અવશેષને વહેંચીને ખાય છે, તે બધા જ પાપોમાંથી મુક્ત થઈ જાય છે.' અર્થાત્ સમાજના ઉત્થાન માટે જ પોતાની પૂરેપૂરી શક્તિ લગાવી દેનાર સજ્જન પુરુષ તમામ પ્રકારના પાપમાંથી મુક્તિ મેળવી લે છે. તેઓ આગળ કહે છે, કે '**ये पचन्त्यात्मकारणात्**' જેઓ પોતાના માટે જ બધુ કરે છે, તેઓ તો વાસ્તવિક રીતે તો પોતાના સ્વાર્થી લાભ માટે જ તમામ વ્યવસ્થા ગોઠવે છે અને વ્યાપારમાં પ્રવૃત થાય છે તથા સંકુચિત સ્વાર્થપરાયણતા ભર્યુ જીવન જીવે છે. કોઈપણ પ્રકારે

ધન એકઠું કરવા રાતદિવસ મચી પડે છે અને પોતાની પાસે જ ધનનો સંચય કરે છે. તેમને બીજાઓની જરા જેટલી પણ ચિંતા હોતી નથી. તેમને જરાપણ સમાજની પીડા પ્રભાવિત કરતી નથી. તેઓ સતત વાસનાઓનો સંગ્રહ કરતાં રહે છે. અંતમાં તો તેઓ અશાંતિ, ઉદ્વેગ, વિષાદ, ક્ષોભ જ પ્રાપ્ત કરે છે. પરમ પૂજ્ય ગુરુદેવે તેમને જ નરકીટક, નરપશુ, નરપિશાચ કહ્યાં છે અને એકજ ઉપદેશ આપ્યો છે, કે આપણે એ યોનિમાં જીવીએ, કે જે આપણને નરમાનવમાંથી દેવમાનવ તરફ લઈ જાય છે. કેવી રીતે? તો પછી નિયમ એજ છે, કે પોતાની શક્તિને સમાજના ઘડતરમાં તથા સેવાના કાર્યોમાં લગાવવી તથા પોતાની તમામ વાસનાઓનો ક્ષય કરી જીવન કલાકારની જેમ જીવવું જોઈએ.

અત્યારે તો આપણે તેરમાં શ્લોક સુધી આરંભિક ભૂમિકા સાથે યજ્ઞમય જીવનની વ્યાખ્યા જ સમજી શક્યા છીએ. આ અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણે પોતાની પરાકાષ્ઠા પર પહોંચી પોતાના શિષ્ય હિન્દુ રાજકુમાર અર્જુનને યજ્ઞ કર્મનું ભાવના પ્રધાન શિક્ષણ આપ્યું. અવતારી ગુરુએ વેદાંતના ભાવને લઈ દાર્શનિક ભાષામાં યજ્ઞના અગ્નિને બ્રહ્માગ્નિ દર્શાવ્યો. બ્રહ્મ તરફ લઈ જનારી ઉર્જા, કે જેમાં આહુતિ આપવામાં આવે છે. આ અગ્નિ આત્મજ્ઞાનનો અગ્નિ છે. આત્મા સમર્પણ રૂપી યજ્ઞની અગ્નિ શિખા. આ યજ્ઞ ધ્વારા બચેલ અવશેષ અર્થાત્ દિવ્યતા અને અમરત્વનો આનંદ આપનારો સોમરસ. આ દિવ્ય કર્મ છે, જેમાં દરેક ક્રિયા જે સમાજમાં અને વિશ્વના નવનિર્માણ માટે કરવામાં આવી રહી છે, એ હવ્ય છે. યજ્ઞના અવશેષનો ભોગ કરનાર સનાતન બ્રહ્મને પ્રાપ્ત કરે છે, તેનો સાક્ષાત્કાર કરે છે. ભગવાન કૃષ્ણની અર્જુન સમક્ષ કેટલી સુંદર વ્યાખ્યા રજૂ કરી છે. તેઓ કહે છે, કે આ યજ્ઞ જ વિશ્વનું વિધાન છે, યજ્ઞ વગર કંઈક પણ પ્રાપ્ત થઈ શકતું નથી. આ લોકમાં ન તો પ્રભુત્વ પ્રાપ્ત થાય છે, ન તો પરલોકમાં સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. આ જ્ઞાન અર્જુનને વિશેષ ઉદ્દેશની સાથે આપવામાં આવી રહ્યું છે, કારણ કે તે તેને યજ્ઞ-કર્મ રૂપે જીવન જીવવાનો મર્મ શિખડાવી રહ્યું છે.

તેઓ આ ઉદ્દેશથી આગલા બે શ્લોકમાં મુદ્દાની વાત બતાવે છે.

**अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसंभवः।**
**यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः॥ ३/१४॥**

**कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम्।**
**तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम्॥ ३/१५॥**

અર્થાત્ ''તમામ પ્રાણી અન્નથી ઉત્પન્ન થાય છે, યજ્ઞ દ્વારા જ વૃષ્ટિ થાય છે અને યજ્ઞની ઉત્પત્તિ નિસ્વાર્થ કર્મથી થાય છે, હે અર્જુન ! તૂં કર્મ સમુદાયને વેદ (બ્રહ્મ)થી ઉત્પન્ન થયેલા જાણ અને વેદને અવિનાશી અક્ષર પરમાત્માથી ઉત્પન્ન થયેલ જાણ. તેનાથી પ્રમાણિત થાયછે કે સર્વવ્યાપી પરમ અક્ષર પરમાત્મા સદા યજ્ઞમાં જ પ્રતિષ્ઠિત છે.''

ભગવાન કૃષ્ણ અર્જુન જેવા શિષ્ય માટે કુશળ શિક્ષકની જેમ ડગલેને પગલે નવા સિધ્ધાંતો આદર્શો સ્થાપી રહ્યા છે. અર્જુન કેવી રીતે સ્વાર્થ રહિત તથા પ્રભુને સમર્પિત કર્મ કરતા શીખે તથા કર્મયોગના આદર્શોને આત્મસાત કરી એ દિશામાં એ કેવી રીતે ગતિ વધારે. એટલા માટે ભગવાનને અર્જુનને સમગ્ર દિવ્ય વ્યવસ્થા એક યજ્ઞ રૂપી એક મહાન કર્મચક્ર રૂપે સમજાવવી જરૂરી લાગી રહ્યું છે.કારણ કે તેના જેવા વૈજ્ઞાનિક ચિંતન વાળા નવયુવક માટે આ કાર્ય પધ્ધતિ જરૂરી છે.

ભગવાન કહે છે, કે જે ''અન્નથી સંપૂર્ણ પ્રાણી જગતની ઉત્પત્તિ થાય છે'', એવું કહેવાની પાછળ તેમનો આશય છે,ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ કરવામાં આવતાં અને ઉપયોગ કરવામાં આવતા તમામ ભૌતિક પદાર્થો. કોઈપણ સમાજની જીવન શક્તિ વધારવા માટે આ પદાર્થોની જરૂરિયાત પડી શકે છે. હવે આ પદાર્થો વર્ષા દ્વારા ઉત્પન્ન થાય છે. કહેવાનો આશય પાણીની વર્ષા સાથે નહીં, બલ્કે પ્રાણપર્જન્ય વર્ષા સાથે છે, જે કોઈપણ ભૌતિક પદાર્થમાં તેના કારણ તત્વનો સમાવેશ કરે છે. આ વર્ષા આપોઆપ થાય છે, સંભવ છે, કે તે દેખાય નહીં અને તે 'પ્લાઝમા'રૂપી સૂક્ષ્મ સોમ તત્વના વરસવાથી પોતાના ઉદ્દેશને પૂરો કરી દેતી હોય. વાતાવરણને માનસિક ધરતી પર વ્યવસ્થિત બનાવવું જ 'પર્જન્ય' ને વરસવાની સહાયક પરિસ્થિતિઓ બનાવવી. હવે આ પર્જન્યની વર્ષા ક્યારે થાય છે? ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, કે યજ્ઞથી. સ્વાહા વાળો યજ્ઞ નહીં, કોઈપણ પ્રકારના સ્વાર્થ વગરના સમર્પણ ભાવથી સહકારી સ્તરે કરવામાં આવેલા સામૂહિક પ્રયત્નથી કોઈપણ સમુદાયમાં માનસિક સ્થિતિ અનુકૂળ વાતાવરણ બનવું અર્થાત્ વર્ષા તો યજ્ઞ જેવા નિસ્વાર્થ કોટિના પરમાર્થ માટે કરવામાં આવેલ શ્રેષ્ઠ કર્મ દ્વારા જ થઈ શકે છે.

પર્જન્ય વરસવામાં સહાયક અર્થાત્ માનસિક સ્થિતિની અનુકૂળતા માટે યજ્ઞની અર્થાત્ નિષ્કામકર્મની આવશ્યકતા સમજવી ખૂબ જરૂરી છે. આપણે ત્યારે જ સમજી શકીશું,કે શ્રીકૃષ્ણનો '**यज्ञाद्भवति पर्जन्यः**' સાથે કહેવાનો આશય શું છે? જ્યારે આવા કાર્યો સામૂહિક રૂપે થાય છે. ત્યારે અન્નમાં પણ પ્રાણ રહે છે અને ઉપભોગ કરનારા જીવોમાં પણ પુષ્કળ પ્રમાણમાં પ્રાણ શક્તિ વિદ્યમાન હોય છે. યજ્ઞનું વાતાવરણ બનતા સમાજના ઉત્થાનના ઉદ્દેશથી નિઃસ્વાર્થ ભાવે કરવામાં આવેલા પરિપક્વ સામૂહિક કર્મ દ્વારા જ યજ્ઞમય વાતાવરણ બને છે. (**यज्ञःकर्मसमूद्भवः**) આ સમગ્ર સૃષ્ટિનું એક ચક્ર બન્યું. ભગવાન શ્રીકૃષ્ણ તેને જ યજ્ઞની ઉપમા આપી અર્જુનને સમજાવી રહ્યા છે.

આપણે જ્યારે યજ્ઞને એક કર્મકાંડ માની લઈએ છીએ ત્યારે તેની પાછળ છુપાયેલી ભાવનાઓનો, સૃષ્ટિ યજ્ઞનો અને ઈકોલૉજિકલ સાઈકલનો અર્થ સમજી શકતા નથી. યજ્ઞનો અર્થ છે-નિષ્કામ કર્મ. આ કર્મ દરેક મહાપુરુષને કરવું પડે છે. પરમ પૂજ્ય ગુરુદેવ દરરોજ સતત ૬ કલાક સુધી પોતાની કલમ ચલાવતા હતા. આખું જીવન પરિશ્રમ ખેડી ૩૨૦૦ પુસ્તકો લખ્યા. અર્થાત્ પોતાના વજનથી પાંચ ઘણું વધારે વજન ધરાવતું સાહિત્ય લખ્યું. એમના જેવા મહાપુરુષને લખવાની શું જરૂરિયાત હતી. દરેક મહાપુરુષે નિસ્વાર્થ ભાવે કર્મ કરી જગત સમક્ષ એક ઉદાહરણ રજૂ કરવું પડે છે. જેમકે રામકૃષ્ણ પરમ હંસને કાલીકાની પૂજા કરવાની જરૂરિયાત પડી હતી, તેઓ તો પરમહંસ હતા? એ જ રીતે દરેક વ્યક્તિએ યજ્ઞમય જીવન જીવવાની જરૂરિયાત પડે છે. બીજાઓ માટે આ યજ્ઞ કર્મ, યજ્ઞમય જીવન ઉદાહરણ બને છે.

રામકૃષ્ણ મિશનમાં હરિમહારાજ નામના એક સ્વામી થઈ ગયા. બાદમાં તેમનું નામ તુરીયાનંદજી રાખવામાં આવ્યું. એકવાર તેઓ બનારસમાં પ્રવચન આપી રહ્યા હતા. વિદેશીઓએ તેમને પૂછ્યું કે 'અમોને એક લીટીમાં આધ્યાત્મની વ્યાખ્યા બતાવો.' ત્યારે સ્વામીજીએ જવાબ આપ્યો કે-'નિયમિત પરહિતાર્થે કર્મ કરો, ઉદાહરણ બની જીવો. જીવો તો એવી રીતે જીવો કે તમે બીજા માટે એક ઉદાહરણ બની શકો.' આધ્યાત્મની આ પરિભાષા આપણી સમજમાં આવી જાય તો કર્મ કરતા કરતા પોતાનું કામ કેવી કુશળતાથી થતું જાય છે, તેનો આત્મસાત થઈ

જશે. આધશંકરાચાર્ય, સ્વામી વિવેકાનંદ, શ્રી અરવિંદ અને પરમ પૂજ્ય ગુરુદેવ જેવા મહાપુરુષો સતત કામમાં લાગી રહી આપણી સમક્ષ આ ઉદાહરણો રજૂ કર્યાં છે.

યજ્ઞના વિષયમાં ભગવાનની જે વાણી પ્રગટેલી છે, એ યજ્ઞની સંસ્કૃતિનું શિક્ષણ આપી રહે છે, જે ભારતીય ધર્મ-અધ્યાત્મનો મૂળ પ્રાણ છે. એ બતાવી રહેલ છે, કે મનુષ્ય જીવનની સપાટી પર જીવવા સુધી જ મર્યાદિત ન રહે. કર્મકાંડ તો માત્ર ભાવનાની સવારી જ છે. યજ્ઞ એક કર્મકાંડ નથી, પરંતુ તે નિઃસ્વાર્થ કર્મનું એક ચક્ર છે, જે સતત ગતિશીલ છે. આ કર્મ ક્યાંથી જન્મ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણ ૧૫ માં શ્લોકમાં કહે છે, કે બ્રહ્માજીથી, વેદોના જ્ઞાનથી. સ્વયં બ્રહ્મા પણ અનંત અક્ષર તત્વની સર્જનાત્મક શક્તિનું અભિવ્યક્ત સ્વરૂપ તો છે જ. (**ब्रह्माक्षर समुद्भवम्**). આ રીતે નિષ્કર્ષ કાઢતા ભગવાન કહે છે, કે યજ્ઞ-કર્મમાં સર્વવ્યાપી બ્રહ્મ હંમેશા પ્રતિષ્ઠિત છે. અર્થાત્ દરેક સામૂહિક પરિશ્રમમાં પરમાત્માની શક્તિ જ સ્પષ્ટ રૂપે ઉપસ્થિત છે. જેમાં દરેક સભ્ય સ્વાર્થની,કામનાની ભાવનાથી ઉપર ઉઠી યજ્ઞમય જીવનના ભાવથી, એક ટીમની ભાવનાથી હળીમળી પરિશ્રમ કરે છે. **तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम्।** એ આપણે સારી રીતે સમજી લેવું જોઈએ,કે એ યજ્ઞમાં સર્વવ્યાપી બ્રહ્મ હંમેશા રહેલો હોય છે.

પરમ પૂજ્ય ગુરુદેવે વિચાર ક્રાંતિને આજના સમયની સૌથી મોટી આવશ્યકતા તથા માસ્ટર ચાવી કહી છે. જેનાથી એ બધાં જ તાળા ખૂલી શકે છે, આ તિજોરીમાં સુખદ સંભાવના-ઓના મણી મોતીઓ બંધ સ્થિતિમાં પડ્યા છે. (અખંડ જ્યોતિ-૧૯૮૮ પાના નંબર-૪૮) આ વિચાર ક્રાંતિને અમોએ પ્રતિભાશાળીઓનો હિલોળો, સદ્‌વિચારોનો પ્રવાહ અને યુગચેતનાના ઉદ્‌ભવથી સંભવ હોવાનું બતાવ્યું છે, જે માનવ સમુદાયની ઋષિકલ્પ સામૂહિક તપશ્ચર્યા દ્વારા થશે. (અખંડ જ્યોતિ ૧૯૮૮ પાના નંબર-૫૧ ઉપર એવું લખ્યું છે.) ૧૨ વર્ષના યુગસંધિ મહાપુરશ્ચરણના મહત્વને એક વિશાળ ટીમ દ્વારા એક વિરાટ યજ્ઞમાં ભાગીદારી રૂપે કરવામાં આવેલ સામૂહિક પરિશ્રમ રૂપે સારી રીતે સમજી શકાય છે. આ મહાપુરશ્ચરણ કયા સ્તર પર યોજાઈ રહ્યું છે અને કેવી રીતે વાતાવરણને અનુકૂળ બનાવી પ્રાણ પર્જન્ય વરસાવાની સ્થિતિ બનાવી રહ્યું છે, એ

સમજી શકાય છે. મહાવિનાશની સ્થિતિ ટાળવા અને નવસર્જનના કાર્યો કરવા માટે યજ્ઞના ભાવથી જે કર્મ પુરું કરવાનું હતું, તેને આપણાં પરિજનો ન માત્ર પુરું કરી રહ્યા છે, પરંતુ આ મહાપુર્ણાહુતિ વર્ષમાં એ વિરાટ યજ્ઞ અભિયાનની પૂર્ણાહુતિ પણ કરવા જઈ રહ્યાં છીએ, ત્યારે સતયુગના પુનરાગમન પર કોઈને શા માટે શંકા હોવી જોઈએ.

સૃષ્ટિનો એ નિયમ છે, કે દરેક મનુષ્યને કર્મચક્રની અનુરૂપ જ પોતાના જીવનના આચાર, વિચાર બનાવવા જોઈએ. જે એવું નથી કરતો તે ખરેખર વ્યર્થ જ જીવે છે. પાપમય જીવનમાં ડૂબતો જાય છે. આ સોળમા શ્લોકનું વિવેચન છે, કે કર્તવ્યપાલનની ઉપેક્ષાના દુષ્પરિણામો તથા ઈન્દ્રિય ભોગોમાં લિપ્ત રહેનાર મનુષ્યની દુર્ગતિ વગેરેના વિષયના સંદર્ભમાં આ ભગવાન શ્રીકૃષ્ણનો ઉપદેશ છે.